" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 223 | AD - 2025, Vaishakh Vad-06 | Sunday, Dt.18-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## લશ્કરી મોરચે હરાવ્યા બાદ, ભારતે હવે રાજદ્વારી મોરચે પણ પાકિસ્તાનને હરાવવાની તૈયારી કરી

# પાકિસ્તાનનો પર્દાફાશ કરવા ભારતના સાંસદો વિશ્વના દેશોની મુલાકાત કરશે

નવીદિલ્હી,તા.૧૭

લશ્કરી મોરચે પાકિસ્તાનને હરાવ્યા બાદ, ભારતે હવે રાજદ્વારી મોરચે પણ પાકિસ્તાનને હરાવવાની તૈયારી કરી લીધી છે. આ અંતર્ગત, એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની જાહેરાત કરવામાં આવી છે. આતંકવાદના મુદ્દા પર ભારતનું વલણ રજૂ કરવા અને પાકિસ્તાનને ઘેરવાનો પ્રયાસ કરવા માટે સાંસદોના સાત પ્રતિનિધિમંડળો વિશ્વભરના દેશોની મુલાકાત લેશે. દરેક પ્રતિનિધિમંડળમાં છ થી સાત સાંસદો અને અનેક રાજદ્વારીઓનો સમાવેશ થશે. દરેક પ્રતિનિધિમંડળ ચારથી પાંચ દેશોની મુલાકાત લેશે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળને સૌથી મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, શશિ થરૂરના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળને અમેરિકા મોકલવામાં આવી શકે છે. અમેરિકા દુનિયાનો સૌથી શક્તિશાળી અવાજ છે. આ આધારે કહી શકાય કે શશિ થરૂરના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળને સૌથી મહત્વપૂર્ણ જવાબદારી મળી છે. ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળને સાઉદી અરેબિયા, કુવૈત, બહેરીન, અલ્જેરિયા મોકલી શકાય છે. સુપ્રિયા સુલેના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળને ઓમાન, કેન્યા, દક્ષિણ આફ્રિકા અને ઈજિપ્તની સરકારોને માહિતી આપવા માટે મોકલી શકાય છે. સંજય ઝાના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળને જાપાન, સિંગાપોર, દક્ષિણ કોરિયા, મલેશિયા, ઈન્ડોનેશિયા મોકલી શકાય છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં



કહ્યું, 'આ સમયે ભારત એક રહે તે સૌથી મહત્વપૂર્ણ છે. સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો ટૂંક સમયમાં મુખ્ય ભાગીદાર દેશોની મુલાકાત લેશે અને આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાનો આપણો સંદેશ વિશ્વ સાથે શેર કરશે. આ રાજકારણથી ઉપર ઉઠીને અને મતભેદોથી પર રહીને રાષ્ટ્રીય એકતાનો મજબૂત સંદેશ આપે છે. સાંસદોના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ એનડીએના ચાર સાંસદો રવિશંકર પ્રસાદ, સંજય કુમાર ઝા, બૈજયંત પાંડા, શ્રીકાંત શિંદે અને ત્રણ વિપક્ષી સાંસદો શશિ થરૂર, કનિમોઝી કરુણાનિધિ અને સુપ્રિયા સુલે કરી રહ્યા છે. સરકારે નેતાઓની પસંદગી કાળજીપૂર્વક કરી છે અને સમગ્ર વિશ્વને એકતાનો સંદેશ આપવા માટે પ્રતિનિધિમંડળમાં લગભગ દરેક પક્ષના સાંસદોનો સમાવેશ કરવાનો પ્રયાસ કર્યો છે. આ સાંસદોમાં અનુરાગ ઠાકુર, અપરાજિતા સારંગી, મનીષ તિવારી, અસદુદીન ઓવૈસી, અમર સિંહ, રાજીવ પ્રતાપ રૂડી, સમિક ભટ્ટાચાર્ય, બ્રિજ લાલ, સરફરાઝ અહેમદ, પ્રિયંકા ચતુર્વેદી, વિક્રમજીત સાહની, સસ્મિત પાત્રા, ભુવનેશ્વર કલિતા પણ ભાગ લેશે. તેમાં ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુર્શીદનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે તેઓ હાલમાં સાંસદ નથી. સરકારે ટીએમસી સાંસદ સુદીપ બંદોપાધ્યાયનો પણ સમાવેશ કર્યો હતો, પરંતુ તેમણે સ્વાસ્થ્યના કારણોસર ઈનકાર કર્યો હતો. 'ઓપરેશન સિંદૂર' પછી, વૈશ્વિક મંચ પર ભારતનો પક્ષ રજૂ કરવા માટે રચવામાં આવી રહેલા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ અંગે રાજકારણ શરૂ થઈ ગયું છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા નેતાઓની યાદી સામે કોંગ્રેસે વાંધો ઉઠાવ્યો છે. પાર્ટીએ કહ્યું કે તેણે ચાર નેતાઓ - આનંદ શર્મા, ગૌરવ ગોગોઈ, સૈયદ નાસિર હુસૈન અને અમરિંદર સિંહ રાજા વાડિંગના નામ આપ્યા છે, અને શશિ થરૂરનું નામ યાદીમાં સામેલ નથી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુને પત્ર લખીને આ ચાર નામ સૂચવ્યા હતા.

# ઓડિશામાં વીજળી પડતા મહિલા-બાળકો સહિત ૯ લોકોના મોત

ભુવનેશ્વર,તા.૧૭

ઓડિશાના અલગ અલગ વિસ્તારોમાં વીજળી પડવાથી લગભગ ૯ લોકોના મોત થયા છે. રાજ્યમાં વાવાઝોડા વચ્ચે વીજળી પડવાથી અલગ અલગ ઘટનાઓમાં છ મહિલાઓ સહિત ઓછામાં ઓછા નવ લોકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. કોરાપુટ જિલ્લામાં ૩ લોકો, જાજપુર અને ગંજમમાં ૨-૨ લોકોનાં મોત થયાં છે. તે જ સમયે, ધેંકનાલ અને ગજપતિ જિલ્લામાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. મૃતકોમાં ત્રણ મહિલાઓએ જીવ ગુમાવ્યા છે. તે જ સમયે, લક્ષ્મીપુરમાં વીજળી પડવાથી એક વૃદ્ધ ઘાયલ થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વીજળી પડવાથી લોકોના મોત થયા છે. તે બધા એક જ પરિવારના સભ્યો હતા. જ્યારે વીજળી પડી ત્યારે તેઓ ખેતરમાં કામ કરી રહ્યા હતા અને વરસાદ પડી રહ્યો હતો અને જોરદાર પવન ફૂંકાઈ રહ્યો હતો, તેથી તેઓએ એક કામચલાઉ ઝૂંપડીમાં આશરો લીધો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ઝૂંપડી પર વીજળી પડી અને ત્રણેય મહિલાઓનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. મૃતકોની ઓળખ બ્રુધિ મન્ડિંગા (૬૦), તેની પૌત્રી કાસા મન્ડિંગા (૧૮) અને કુમ્બરગુડા



ગામની અંબિકા કાશી (૩૫) તરીકે થઈ છે. તેણે કહ્યું કે બ્રુધી અને કાસા મન્ડિંગા પરિદિગુડાના રહેવાસી હતા. અન્ય ૬૫ વર્ષીય વ્યક્તિ, જેની ઓળખ હંગ મન્ડિંગા તરીકે થઈ છે. વીજળી પડવાથી તે ઘાયલ થયો હતો. આ ઘટનામાં વૃદ્ધ વ્યક્તિને ગંભીર ઈજાઓ થઈ છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. જ્યારે જાજપુર જિલ્લામાં, બે છોકરાઓના વીજ કરંટ લાગવાથી મૃત્યુ થયા છે. મૃતકોની ઓળખ બુરુસાહી ગામના તારે હેમ્બ્રમ (૧૫) અને ટુકુલુ ચતર (૧૨) તરીકે થઈ છે. આ ઘટનાના સંદર્ભમાં અકુદરતી મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે.

# અફઘાન તરફથી આવતું પાણી રોકવા ભારતની તૈયારી

ન્યૂ દિલ્હી,તા.૧૭

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલાના જવાબમાં ભારતે સિંધુ જળ સમજૂતી સ્થગિત કરીને પાકિસ્તાનમાં જતું પાણી અટકાવી દીધું છે. આટલું ઓછું હોય તેમ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં ભારે વિનાશ વેર્યો હતો.

હવે ભારતે તાલિબાન સાથે હાથ મિલાવીને પાકિસ્તાનમાં અફઘાનિસ્તાન તરફથી આવતું પાણી રોકવાની પણ તૈયારી હાથ ધરી છે. વિદેશ મંત્રી જયશંકરે તાલિબાનોના સત્તા પર આવ્યા પછી પહેલી વખત ગુરુવારે અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મુત્તાકી સાથે વાત કરી હતી. ભારતના વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર મુત્તાકીએ ગુરુવારે સાંજે ફોન પર વાતચીત કરી હતી. અફઘાનિસ્તાને પહેલગામમાં આતંકી હુમલાની આકરી ટીકા કરી હતી અને ઓપરેશન સિંદૂર મુદ્દે ભારતને સમર્થન આપ્યું હતું.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
રવિવાર, તા. ૧૮-૦૫-૨૦૨૫

## ભારતીય સેનાના ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતાની ઉજવણી નિમિત્તે

# ધારાસભ્યો, સાંસદની હાજરીમાં અમરેલીમાં તિરંગા યાત્રા યોજાઈ

અમરેલી,તા.૧૭

અમરેલી શહેરમાં ભારતીય સેનાના ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતાની ઉજવણી નિમિત્તે એક શાનદાર તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયાની હાજરીમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની આગેવાની




હેઠળ મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરો, દેશભક્ત નાગરિકો અને રાષ્ટ્રપ્રેમીઓએ આ યાત્રામાં જોડાઈને દેશ પ્રત્યે પોતાનો પ્રેમ અને સૈનિકો પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી આ યાત્રા વિવિધ જિલ્લાઓમાં ફરી રહી છે અને અમરેલીમાં પણ તેનો ભવ્ય પ્રતિસાદ જોવા મળ્યો હતો. વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ભારતીય સેનાએ આતંકવાદ સામે જે સફળ કામગીરી કરી છે તેનાથી સમગ્ર દેશનું ગૌરવ વધ્યું છે. તેમણે તિરંગા યાત્રામાં ઉપસ્થિત રહેલા સાધુ-સંતો, મહંતો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિને પણ આવકારી હતી અને તેમનો આભાર માન્યો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષ બાદ ભારતીય સેના દ્વારા આતંકવાદીઓ વિરુદ્ધ લેવામાં આવેલા નિર્ણાયક પગલાંની સફળતાને યાત્રા દરમિયાન હર્ષભેર બિરદાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ તિરંગા યાત્રાની શરૂઆત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિતિમાં થઈ હતી.

# રાજુલામાં 'તું મારી બહેનનો પીછો કેમ કરે છે' કહી ચપ્પુના ઘા માર્યા

રાજુલા, તા.૧૭

રાજુલા શહેરમાં એક યુવકને "તું મારી બહેનનો પીછો કેમ કરે છે" તેમ કહી તેને ચપ્પુના ઘા મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે રોહીતભાઈ નગાજણભાઈ સાંખટ (ઉ.વ.૧૭)એ સંતોષભાઈ સવજીભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને આરોપીએ "તું મારી બહેનનો પીછો કેમ કરે છે" તેમ કહેતા કહ્યું કે "હું તને ઓળખતો પણ નથી અને મેં કોઈ છોકરીનો પીછો કર્યો નથી" તેમ કહેતા સારૂ નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતા સારૂ નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમને ધક્કો મારી નીચે પછાડી દઈ પેન્ટના ખિસ્સામાંથી ચાકુ કાઢીને ડાબા ખભા ઉપર ઘા કર્યો હતો. જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**જાનથી મારવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ**

# ધારીના વેકરીયા ગામ નજીક ખાનગી બસ-કાર વચ્ચે અકસ્માત : કારચાલકનું મોત

અમરેલી,તા.૧૭

ધારી-જૂનાગઢ હાઈવે પર વેકરીયા ગામ નજીક એક ખાનગી બસ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કાર ચાલક સિધ્ધાર્થ રાજેન્દ્રભાઈ સોલંકી (ઉંમર ૩૪ વર્ષ)નું મૃત્યુ થયું હતું. મળતી માહિતી મુજબ, સિધ્ધાર્થભાઈ લગ્ન



પ્રસંગમાંથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે વેકરીયા ગામ પાસે તેમની કાર અને એક ખાનગી બસ અથડાયા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે સિધ્ધાર્થભાઈને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ભારે ભીડ જમા થઈ ગઈ હતી. પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

# કોટડી રાજુલા અમરેલીની બસને ખડસલી ગામમાં સ્ટોપ આપવા માગણી

રાજુલા,તા.૧૭

રાજુલા ડેપોની એસ.ટી. બસ કોટડી રાજુલા અમરેલી જે સવારે ૭:૪૫ કલાકે પસાર થાય છે, જે ડાયરેક્ટ રોડે-રોડ જતી રહે છે અને બપોર બાદ ૩:૪૫ કલાકે પણ બાયપાસ જતી રહે છે. આ લોકલ બસ છે અને પેસેન્જર માટે ચલાવવામાં આવે છે. આ બસને તાત્કાલિક અસરથી બંને સમયે ખડસલી ગામમાં સ્ટોપ આપવા માટે ગ્રામજનોએ માંગણી કરી છે. સવારના સમયે જિલ્લા મથકે અભ્યાસ અર્થે અને દવાખાનાના કામ અર્થે જવા માટે એક પણ બસ નથી. આ અંગે અનેકવાર ડેપો મેનેજરને રજૂઆત કરેલ હોવા છતાં હજુ સુધી કોઈ યોગ્ય પ્રતિસાદ મળેલ નથી. માંગ પુરી નહી થાય તો કલેક્ટર ઓફિસમાં, મુખ્યમંત્રી ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂઆત કરવામાં આવશે તેવી ગ્રામજનો દ્વારા ચીમકી આપવામાં આવી છે.




## નાસ્તાનું પડીકુ લેવા બાબતે માથાકૂટ થતા બંને પક્ષો વચ્ચે જૂથ અથડામણની ઘટના

# અમરેલીમાં નવા માર્કેટિંગ યાર્ડ પાસે નાસ્તાના પડીકા બાબતે ધબધબાટી : ૪ ગંભીર

**સામાન્ય બોલાચાલી બાદ ઉગ્ર સ્વરૂપ ધારણ થતા લાકડી-કુહાડી ઉડી**

અમરેલી,તા.૧૭

અમરેલી-સાવરકુંડલા બાયપાસ પર નાસ્તાના પડીકા બાબતે મારામારીની ઘટના બની છે. નવા માર્કેટિંગ યાર્ડ પાસે પંચરની દુકાન ધરાવનારના સંબંધી નાસ્તો લેવા ગયા હતા, જ્યાં પડીકું લેવામાં થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. દુકાન પર બેઠેલા યુવકે ૧૦-૧૫ માણસોને બોલાવીને ગ્રાહકને માર માર્યો હતો. જ્યારે પંચરની દુકાન ચલાવનાર અને અન્ય સંબંધી બચાવવા માટે પહોંચ્યા, ત્યારે તેમને પણ



લાકડીઓ અને કુહાડીઓ વડે માર મારવામાં આવ્યો હતો. આ ઘટનામાં ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમને અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં સુરેશભાઈ વાળા (ઉં. ૪૨), નિલેશભાઈ રાઠોડ (ઉં. ૨૦), લાલજીભાઈ ચૌહાણ (ઉં. ૨૯) અને ભાવેશ રાઠોડ (ઉં. ૩૫)નો સમાવેશ થાય છે. વધુ ગંભીર રીતે ઘાયલ થયેલા એક વ્યક્તિને ભાવનગર રીફર કરવામાં આવ્યા છે. અમરેલી તાલુકા પોલીસે હોસ્પિટલ પહોંચીને તપાસ શરૂ કરી છે.

## કાંતાબેન વશરામભાઈ દેસાઈનું નિધન થતા વિવિધ સમાજનાં અગ્રણીઓએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી

# અમરેલીનાં જશવંતગઢમાં દેસાઈ પરિવાર દ્વારા રક્તદાન કેમ્પ અને વિવિધ કાર્યક્રમો યોજાશે

**આજે રાત્રીનાં ૮:૩૦ કલાકે સત્સંગ સભાનું આયોજન**

**આવતીકાલે સવારે ૯:૦૦ કલાકે રક્તદાન કેમ્પ યોજાશે**

**સોમવારે મા-બાપને ભૂલશો નહિ કાર્યક્રમ થકી શ્રધાંજલિ પાઠવાશે**

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ધરાવતા વશરામભાઈ દેસાઈ અને તેના પરિવારે કાંતાબેન વશરામભાઈ દેસાઈનું નિધન થતા વિવિધ સેવાકિય પ્રવૃત્તિઓ અને ધાર્મિક કાર્યક્રમનું આયોજન કર્યું છે. કાંતાબેન વશરામભાઈ દેસાઈનું ગત તા.૦૯ ના રોજ નિધન થયુ હતું. જેથી દેસાઈ પરિવાર દ્વારા સદ્ગત આત્માની શાંતિ માટે ભજન અને સત્સંગનો કાર્યક્રમ રાખેલ છે. જેમાં તા.૧૭ના રોજ રાત્રિનાં ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો હતો. આ ભજન સંધ્યામાં કૌશિકભાઈ દવે અને કમલેશભાઈ દવેએ પોતાના સુમધૂર કંઠમાં ભજન રજૂ કર્યા હતા. જયારે આજે રવિવારે રાત્રિનાં ૮:૩૦ કલાકે ધોલેરા-ચિત્તલ ગુરૂકુળનાં શાસ્ત્રી પૂ.હરિચરણદાસ સ્વામી દ્વારા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યુ છે. ભારતીય સૈનાનાં ઓપરેશન સિંદૂર અંતર્ગત આવતીકાલે સોમવારના રોજ સવારે ૯:૦૦ કલાકે કાંતાબાની ડેલી (મોટાબા) જશવંતગઢ-ચિત્તલ મુકામે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. તેમજ રાત્રિના ૮:૩૦ કલાકે વકતા અશ્વિનભાઈ જોષી દ્વારા મા-બાપને ભૂલશો નહિ તથા કલ્યાણકારી કુંટુબ વ્યવસ્થાની કથા કરવામાં આવશે. આ સેવાકિય પ્રવૃત્તિ અને ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહેવા જશવંતગઢ-ચિત્તલ દેસાઈ પરિવારે આમંત્રણ પાઠવ્યુ છે.




**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમ.એ.જી./કેસ નં.૩૩/૨૦૨૫ તા.૧૭/૦૫/૨૦૨૫

શ્રી જીવરાજભાઈ વાઘજીભાઈ કાતરીયા
રહે. જાંબુડા તા. વિસાવદર, જી. જુનાગઢ .........અરજદાર
વિરુધ્ધ
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - જાંબુડા, તા. વિસાવદર ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી જીવરાજભાઈ વાઘજીભાઈ કાતરીયા રહે. જાંબુડા, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા. ૦૧/૦૫/૧૯૬૪ ના રોજ વિસાવદર તાલુકાના જાંબુડા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી જાંબુડા, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી જાંબુડા, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવાઆથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ મી મે ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી
(પી.વી.શિંગડીયા)
નાયબ મામલતદાર વિસાવદર

હુકમથી
સહી
(એન.બી.લાંઘણોજા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર



વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.

કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::
- હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
- જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

... સ્કોલરશીપ યોજના ...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE |

ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.

કૃણાલ ધોળકીયા Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઇ Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિધાગુરૂ માં...
- Smart Board ધરાવતા ક્લાસ...
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86


### મામલતદાર, ટીડીઓ સહિતના અધિકારીઓ ઈન્ચાર્જની ભૂમિકામાં

# વડીયામાં અધિકારીઓની જગ્યાઓ ખાલી હોવાથી લોકોના કામ ખોરંભે

**અધિકારીઓ માટે શહેર જાણે સજાનું સ્થળ બની ગયુ હોય તેમ કોઈ આવવા માટે તૈયાર નથી**

વડીયા,તા.૧૭

અમરેલી જિલ્લાનો વડીયા કુંકાવાવ તાલુકો સંપૂર્ણપણે ખેતી પર નિર્ભર હોવાને કારણે વિકાસની બાબતમાં ઘણો પાછળ રહી ગયો છે. વર્ષોથી લોકો આ તાલુકાને પછાત તરીકે ઓળખે છે. તાલુકાને આ સ્થિતિમાંથી બહાર લાવવા માટે સરકારી અધિકારીઓની ભૂમિકા અત્યંત મહત્વની છે. વડીયા કુંકાવાવ તાલુકામાં વિકાસનાં કાર્યો, કાયદો અને વ્યવસ્થા, જમીન મહેસૂલ અને આરોગ્ય જેવી મુખ્ય જવાબદારીઓ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારી જેવા મુખ્ય અધિકારીઓ પર હોય છે પરંતુ કમનસીબે, તાલુકામાં પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ હોવાથી અધિકારીઓ અને કર્મચારીઓ માટે આ તાલુકો સજાનું સ્થળ બની ગયો છે. પરિણામે, કોઈ અધિકારી અહીં નોકરી કરવા ઈચ્છતો નથી અને મોટાભાગની મુખ્ય જગ્યાઓ ખાલી રહે છે. હાલમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થ અધિકારી, સબ રજીસ્ટાર અને પીઆઈ જેવી મહત્વની પોસ્ટ ખાલી હોવાથી સમગ્ર વહીવટી તંત્ર જાણે ઈન્ચાર્જ પર ચાલી રહ્યું છે. વડીયા કુંકાવાવ તાલુકાને સજાના કેન્દ્રમાંથી બહાર કાઢવા માટે ખાલી પડેલી મુખ્ય અધિકારીઓની જગ્યાઓ પર કાયમી નિમણૂક થવી જોઈએ. જો આમ થશે તો લોકોને તેમની સમસ્યાઓ સાંભળનાર કાયમી અધિકારીઓ મળશે અને આ પછાત તાલુકો વિકાસની દિશામાં આગળ વધી શકશે. તાજેતરમાં રાજ્ય સરકારે મામલતદાર, ટીડીઓ અને પીઆઈની બદલીના આદેશો કર્યા, પરંતુ ખાલી જગ્યાઓ યથાવત રહી અને કાયમી તાલુકા વિકાસ અધિકારીની પણ અન્ય જિલ્લામાં બદલી થતાં તેમની જગ્યા પણ ઈન્ચાર્જને સોંપવામાં આવી છે. સ્થાનિક નેતાઓએ હવે જાગવાની અને તાલુકાના વિકાસની ચિંતા કરવાની જરૂર છે. વડીયા કુંકાવાવ તાલુકામાં ખાલી પડેલી તમામ જગ્યાઓ પર કાયમી અધિકારીઓની નિમણૂક કરાવવી જોઈએ. આ ઉપરાંત, વડીયામાં સરકારી અધિકારીઓ માટે પાયાની સુવિધાઓ વિકસાવવા માટે પણ પ્રયત્નો કરવા જોઈએ. આ સ્થાનિક લોકોની એક મોટી માંગણી છે કે તેમના તાલુકા પરથી પછાતપણાનું કલંક દૂર થાય.

# અમરેલી બસપોર્ટ રાત્રે સુમસામ : ૨૪ કલાક કંટ્રોલ ઓફિસ ચાલુ રાખવા ચેમ્બર ઓફ કોમર્સની રજૂઆત

અમરેલી, તા.૧૭

અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સે અમરેલી બસપોર્ટ ખાતે ટ્રાફિક કંટ્રોલ ઓફિસને ૨૪ કલાક ચાલુ રાખવા માટે એસ.ટી. વિભાગીય નિયામકને પત્ર લખ્યો છે. ચેમ્બરના જણાવ્યા અનુસાર, હાલમાં રાત્રીના ૯ વાગ્યે ઓફિસ બંધ કરી દેવામાં આવે છે, જેના કારણે રાત્રીના ૯ થી સવારના ૫ વાગ્યા સુધી ડેપો એકદમ નધણિયાતો રહે છે. આ સમયગાળા દરમિયાન ઘણી એક્સપ્રેસ/સુપર એક્સપ્રેસ/સ્લીપિંગ બસોની અવરજવર રહેતી હોવા છતાં, પુછપરછ અને જાણકારી વગર મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ખાસ કરીને, સત્તાધિકારીની હાજરી ન હોવાથી મહિલા મુસાફરોની સલામતી વર્તમાન પરિસ્થિતિમાં જોખમાય છે. ચેમ્બરે જિલ્લાની જનતાની હાલાકી અને મુશ્કેલીને ધ્યાનમાં રાખીને રાત્રીના ૯ થી સવારના ૫ વાગ્યા સુધી કંટ્રોલ કચેરી કાર્યરત રાખવા વિનંતી કરી છે. આ અંગે ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને પણ રજૂઆત કરવામાં આવી છે.

**રાત્રિના ૯ થી સવારના ૫ વાગ્યા સુધી ડેપો નધણિયાતો રહેતા મુસાફરોની સુરક્ષા જોખમમાં**

# હાઈબ્રીડ શાકભાજી વાવેતર પર હેક્ટર દીઠ રૂ. ૨૪,૦૦૦ની સહાય અપાશે

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં શાકભાજીનું વાવેતર વધી રહ્યું છે ત્યારે, રાજ્યના બાગાયત વિભાગ દ્વારા હાઈબ્રીડ શાકભાજી (મરચાં, ટમેટાં, રીંગણાં, કોબી, ફ્લાવર, ભીંડા, વેલાવાળા શાકભાજી)ના વાવેતર માટે ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂ. ૨૪,૦૦૦ની સહાય આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ (www.ikhedut.gujarat.gov.in) પર ૩૧ મે સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુમાં, પ્રાકૃતિક રીતે શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને પ્રતિ હેક્ટર રૂ. ૨૦,૦૦૦ની સહાય મળશે. વેલાવાળા શાકભાજી માટે મંડપ બનાવવા પણ રૂ. ૨૬,૦૦૦ થી રૂ. ૮૦,૦૦૦ સુધીની સહાય ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે જિલ્લા બાગાયત કચેરીનો સંપર્ક કરી શકાય છે.

# સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં પોષણકીટ વિતરણ કરાઈ

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં દાતાઓના સહયોગથી ૧૨૫ હાઈ રિસ્ક તેમજ સગર્ભા માતાઓને પોષણકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટમાં ઘી, મગ, ચણા, તુવેરદાળ, ખજૂર અને ગોળનો



સમાવેશ થાય છે. હોસ્પિટલના અધિક્ષક ડો.ક્રિષ્નાબેન હરિયાણીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ડો. હાર્દિક બોરીસાગર અને ડો.ધર્મેશ રામાણી (સ્ત્રી રોગ નિષ્ણાંત) દ્વારા તમામ લાભાર્થીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ડો.કૃપાલ શિંગાળા દ્વારા સોનોગ્રાફી તપાસ, લેબોરેટરી તપાસ અને દવાઓની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ આયોજનને સફળ બનાવવા માટે કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ, તાલુકા હેલ્થ કચેરી અને અર્બન હેલ્થ કચેરીના સ્ટાફે સહયોગ આપ્યો હતો. અધિક્ષક ડો.ક્રિષ્નાબેન હરિયાણીએ આ કાર્યક્રમના સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# રાજ્યમાં છૂટાંછવાયા વરસાદની આગાહી, ખેડૂતોને પાક સંરક્ષણની સલાહ

અમરેલી, તા.૧૭

હવામાન વિભાગે આગામી સમયમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં છૂટાંછવાયા સ્થળોએ પવન સાથે વરસાદની આગાહી કરી છે. આથી, બાગાયતી પાકોનું વાદળછાયા વાતાવરણ અને વરસાદથી રક્ષણ કરવા ખેડૂતોને સલાહ આપવામાં આવી છે. ખેતરમાં તૈયાર થયેલા ફળ અને શાકભાજી ઉતારી લેવા અને સુરક્ષિત સ્થળે ખસેડવા અથવા ઢાંકી દેવા. આ સમયગાળા દરમિયાન રાસાયણિક કે સેન્દ્રિય ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ ટાળવો. વાદળછાયા વાતાવરણ બાદ પાકમાં રોગ જણાય તો યોગ્ય દવાઓનો છંટકાવ કરવા અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકે જણાવ્યું છે.


સંકુલ ઓછી ફી સારૂ શિક્ષણ સારી વ્યવસ્થા ઉચ્ચ પરિણામ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૭૨૭૨૧ થી ૨૬ -Ad065


## :: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસ થી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના કેદારીયા ગામના ખેડ ખાતા નં.૧૩૫ માં આવેલ સર્વે નં.૧૧ પૈકી ૯ વાળી ખેતીની જમીન અમોના અસીલ નકવી નરગીસ ખાતુન અજીજુલ હુસેન વાઈફ ઓફ અનસાર હુસેન આબિદ હુસેન બુખારી, રહે. ફીફાદ, તા.સાવરકુંડલા વાળાએ રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૦૧૩, તા.૦૪/૦૫/૨૦૨૪ મુજબ તેના પુરોગામી માલિક (૧) નકવી જહીરૂનીશા તસદ્દુક હુસેન, (૨) નકવી મહંમદમીયાં અલીઅબ્બાસભાઈ તથા (૩) નકવી ફઝલીલમહેંદી અલીઅબ્બાસભાઈ પાસેથી કાયદેસર વેચાણ રાખેલ છે. અને ત્યારથી અમારા અસીલ ઉપરોક્ત મિલકતના કાયદેસરના માલિક મુખત્યાર કબજેદાર ભોગવટેદાર બનેલ છે. અને હાલ સદર મિલકત અમારા અસીલના કબજા ભોગવટામાં આવેલ છે. પરંતુ રેકર્ડની ટેકનીકલ ક્ષતિ અને સુધારણાની કાર્યવાહી સબબ સદર મિલકતના ૭/૧૨, ૮અ વિગેરે રેકર્ડમાં મિલકત ખરીદનાર અમારા અસીલનું નામ આવેલ નથી. પરંતુ રેકર્ડમાં ઉપરોક્ત પુરોગામી માલિકનાં નામ રહેવા પામેલ છે.

જેથી વિસંગતતા વાળા રેકર્ડમાં હાલ રહેલ પુરોગામી માલિકના નામથી ભરમાઈને કે શરતચૂકથી, અમારા અસીલની ઉપરોક્ત મિલકત બાબતે અમારા અસીલ સીવાય અન્ય કોઈ સાથે કે પૂરોગામી માલિક સાથે કોઈ નાણાંકીય વ્યવહાર, ખરીદ વેચાણ વ્યવહાર કે ભાડા, વપરાશ, ભાગીદારી, ફારમ, વાવેતર વગેરેના કોઈ કરાર વ્યવહાર કરવા કે કરાવવા નહીં. તેમજ અમારા અસીલની લેખિત સંમતિ સિવાય કોઈપણે અમારા અસીલની ઉપરોક્ત મિલકતમાં અવરજવર કે પ્રવેશ કરવો કે કરાવવો નહીં. કે અમારા અસીલના હક, હિત અધિકાર, માલિકી, કબજા, ભોગવટા ને નુકશાન, અન્યાય, અડચણ, અટકાયત કે તકલીફ થાય તેવું કોઈ કાર્ય કરવું કે કરાવવું નહીં. તે લાગતા વળગતા દરેકને આ નોટિસથી ભારપૂર્વક જણાવવામાં આવે છે.

આમ છતાં અગર કોઈ અમારા અસીલની સંમતિ વિના તેની માલિકીની ઉપરોક્ત મિલકતમાં પ્રવેશ, અવરજવર કે કોઈ કરાર, વ્યવહાર, નાણાકીય લેવડ દેવડ કરશે તો અમારા અસીલને માન્ય, કબુલ, મંજુર રહેશે નહીં અને નાછૂટકે તેવા ઈસમો સામે ફોજદારી, સિવિલ, રેવન્યુ વગેરે લાગુ કાયદાની રાહે કડક કાર્યવાહી કરવાની ફરજ પડશે. અને તેની આર્થિક, નૈતિક, સામાજિક, કાનૂની તમામ જવાબદારી જે તે ગેરકાયદે પ્રવેશ કરનાર કે કરાર, વ્યવહાર કરનારની સંપૂર્ણ રહેશે. અને આવા કોઈ વ્યવહાર, લેવડ દેવડ બાબતે કોઈ રકમ કે વળતર કે હિસ્સા વગેરે કંઈપણ, કોઈને આપવા અમારા અસીલ બંધાયેલ નથી. અને તેઓએ કરેલ ઉપરોક્ત કોઈ કાર્યોથી અમારા અસીલને થયેલ દરેક નુકસાન અન્યાયનુ નિયમોનુસાર થતું પૂરેપૂરું વળતર તુરંત ચૂકવવાનું રહેશે. જે ઉપરોક્ત તમામ વિગતો ગંભીરતાપૂર્વક ધ્યાને લેવા તમામ જાહેર જનતા અને લાગતા વળગતા તમામને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

સ્થળ:-કેદારીયા
તા.:-૧૪/૦૫/૨૦૨૫

(અસીલની વિનંતી અને જણાવેલ વિગત મુજબ)
એડવોકેટ, એ.એ.લાખાણી,
શિવાજી ચોક પાસે, જુનો કડીયાળી રોડ,
રાજુલા-૩૬૫૫૬૦, જી.અમરેલી મો.નં.૮૦૦૦૪૧૫૫૪૨

## અવસાન નોંધ

**રાજકોટ**

મૂળ રફાળા-કુવાડવા હાલ રાજકોટ નિવાસી શશીકાંત શિવલાલભાઈ ચંદારાણા(ઉ.વ.૫૬)નું તા.૧૬ના અવસાન થયેલ છે. તેઓ શિવલાલભાઈ હરીભાઈ ચંદારાણાના પુત્ર અને નિશાંત, ઉર્વી(ગોપી) કિશનકુમાર કારીયા(મોરબી)ના પિતા તથા સ્વ.વિનોદભાઈ, વિજયભાઈ, રંજનબેન પ્રફુલકુમાર રાજવીર, સ્વ.ઉષાબેન અને જ્યોતિબેન બીપીનકુમાર સૂચક(નિકાવા)ના ભાઈ થાય છે. તેમનું બેસણું તા.૧૯ને સોમવારે સાંજે ૫ થી ૬ શ્રી મહાકાલેશ્વર મંદિર, અમૃત પાર્ટી પ્લોટની સામે, મધુવન સોસાયટી, ડી-માર્ટ(મામા સાહેબ) ૫૦ ફૂટ રોડ, કુવાડવા રોડ પાસે, રાજકોટ રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

## -//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૬૯/૨૦૨૫

અરજદાર :- શ્રી નંદુબેન વિરજીભાઈ સોજીત્રા
રહે. મેડી તા.જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મેડી, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મેડી ગામમાં અરજદારશ્રી નંદુબેન વિરજીભાઈ સોજીત્રા તેઓના પુત્ર કાળુભાઈ વિરજીભાઈ સોજીત્રા ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૧)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 067

સંકુલ નું ગૌરવ - ધો. ૧૨ કોમર્સ ઉચ્ચ પરિણામ

| વિગત | ગુ.મી. | ઈ.મી. | મીશ્ર | કુલ |
|---|---|---|---|---|
| ધો.-૧૨ કોમર્સ A1 ગ્રેડ | 17 | 09 | - | 26 |
| ધો.-૧૨ કોમર્સ A2 ગ્રેડ | 63 | 25 | 04 | 92 |
| ધો.-૧૨ કોમર્સ પરિણામ | 97% | 99% | 100% | 99% |
| ધો.-૧૨ કોમર્સ 95 UP PR | 39 | 24 | 03 | 66 |
| ધો.-૧૨ કોમર્સ 90 UP PR | 78 | 31 | 03 | 112 |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 068

સંકુલ નું ગૌરવ - ધો. ૧૨ આર્ટસ સાયંસ ઉચ્ચ પરિણામ

| વિગત | આર્ટસ | સાયંસ ગુ.મી. | સાયંસ ઈ.મી. | કુલ |
|---|---|---|---|---|
| ધો.-૧૨ આર્ટસ સાયંસ A1 ગ્રેડ | - | - | 01 | 01 |
| ધો.-૧૨ આર્ટસ સાયંસ A2 ગ્રેડ | 22 | 23 | 04 | 49 |
| ધો.-૧૨ આર્ટસ સાયંસ પરિણામ | 100% | 86% | 97% | 95% |
| ધો.-૧૨ આર્ટસ સાયંસ 95 UP PR | 05 | 10 | 03 | 18 |
| ધો.-૧૨ આર્ટસ સાયંસ 90 UP PR | 17 | 28 | 06 | 51 |

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીએટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# વડીયામાં નવનિયુક્ત પીએસઆઈ આવતા જ ફૂટ પેટ્રોલિંગ કરાયું

**કાયદો વ્યવસ્થા કડક કરવામાં આવે તેવી લોકોની માંગ**

અમરેલી,તા.૧૭

વડીયા પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ ગાંગળાની ઈન્ચાર્જ પીઆઈ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ચાર્જ સંભાળતાની સાથે જ નવા પીઆઈ પોતાની



ટીમ સાથે વડીયાના મુખ્ય બજારમાં પગપાળા નીકળ્યા હતા અને વાહનચાલકો તેમજ દુકાનદારો સહિતના લોકોને ટ્રાફિક અને કાયદો વ્યવસ્થા અંગે સૂચનાઓ આપી હતી. ઘણા સમયથી વડીયામાં આવી કોઈ કાર્યવાહી ન થતા લોકોમાં નવા પોલીસ અધિકારી આવ્યા હોવાની ચર્ચા થઈ રહી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડીયા વિસ્તારમાં વધતા ક્રાઈમને પગલે જિલ્લા પોલીસ વડાની મુલાકાત બાદ કાયદો અને વ્યવસ્થાના કડક અમલની સૂચના આપવામાં આવી હતી.

# અમરેલીમાં હનુમાનજી વિશે અભદ્ર શબ્દો કહેનારા યુવક સામે ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૭

અમરેલીમાં હનુમાનજીને નંગ કહેનારા યુવક સામે ફરિયાદ નોંધાઈ હતી. યુવકે આંબેડકર જંયતીના દિવસે ફેસબુક લાઈવ કરીને હનુમાન દાદાનું અપમાન કર્યું હતું. અમનરાજ રોહિતભાઈ રાઠોડએ માય ડિસાયર વસંત ચાવડા નામે ફેસબુક એકાઉન્ટ ધરાવતાં વસંતભાઈ ડાયાભાઈ ચાવડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ ડો. બાબાસાહેબ આંબડકરની વાડી પાસેનો વીડિયો સોશિયલ મીડિયા પર મુક્યો હતો. જેમાં તેણે હિન્દુ ધર્મની આસ્થાના પ્રતિક સમાન હનુમાન દાદાનું ઘોર અપમાન કર્યું હતું. તેણે "આ નંગ અહીં નડે છે, જો સમાજ ભેગો થઈને કાઢી નાખે એટલે એક ઉપાધી જતી રહે" તેમ કહી હિન્દુઓની લાગણી દુભાવી હતી. આ ઉપરાંત આરોપીએ અગાઉ પણ હિન્દુ સમાજ વિશે ગેરસમજ ઉભી થાય તેવા પ્રયત્નો કર્યા હતા.

**સામાજિક કાર્યકર્તાને સોશિયલ મીડિયામાં હીન કક્ષાનો ગણાવ્યો**

અમરેલીમાં રહેતા નરેશભાઈ ભીખાભાઈ વાળા (ઉ.વ.૩૮)એ રાઓલ વનરાજસિંહ ચાવડા ૯૯ નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને તથા તેના પરિવારને ગાળો આપતી ઘણી બધી કોમેન્ટ કરી હતી. ઉપરાંત અવારનવાર જ્ઞાતિવાદ કરી બે સમાજ વચ્ચે વર્ગવિગ્રહ ઉભો કર્યો હતો અને સોશિયલ મીડિયાના માધ્યમથી તેમને હીન કક્ષાના ગણાવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં વાડી ખેતરમાં કામે રાખેલા મજૂરોની નોંધણી ન કરાવનારા સામે કાર્યવાહી

**જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી**

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં તંત્ર દ્વારા જાહેરનામુ અમલી હોવા છતાં પોલીસને જાણ કર્યા વગર પોતાની માલિકીની દુકાન, મકાન ભાડે આપનાર તેમજ વાડી ખેતરોમાં મજૂરોને કામે રાખી પોલીસ મથકમાં જાણ ન કરનાર શખ્સો સામે પોલીસે ગુનો નોંધી આગળની ધોરણસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. તાજેતરમાં ભારત પાકિસ્તાન વચ્ચે તણાવ અને યુધ્ધની સ્થિતિ ઉભી થઇ હતી. જેને પગલે રાજ્યમાં ગેરકાયદે વસવાટ કરતા લોકો સામે કાર્યવાહી કરાઇ હતી. અમરેલી જિલ્લામાં પણ જાહેરનામુ અમલમાં હોય અને પોલીસને જાણ કર્યા વગર કોઇને પણ દુકાન, મકાન ભાડે ન આપવા તેમજ વાડી ખેતરોમાં કામે રાખેલા મજૂરોની પણ પોલીસને જાણ કરવા જણાવાયું હોવા છતાં અનેક લોકો જાહેરનામાનો ભંગ કરી રહ્યાં છે.

# અમરેલી કલેક્ટરના અધ્યક્ષસ્થાને સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અને સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ તકે અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક પણ યોજાઇ હતી. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ, સ્વામીત્વ યોજના બાબતે નાગરિકોને વધુ જાણકારી, માર્ગદર્શન અને વિગતો મળી શકે તે માટે વિશેષ ગ્રામસભા યોજવા સૂચન કર્યુ હતું. તેમના સૂચનને ધ્યાને લઈ આગામી સમયમાં સંબંધિત કચેરીઓના સંકલનથી આ અંગે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી જમીન નિરીક્ષકે આપી હતી. આ બેઠકમાં, જનપ્રતિનિધિઓએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના આંતરિક અને અન્ય રસ્તાઓ સાથે જોડતાં રસ્તાઓ, સિંચાઈ, પાણી, જમીન માપણી, મૃતકના પરિવારજનોને ચૂકવવાની સહાય, મંડળીઓમાં પ્રાથમિક સુવિધા, મનરેગા અન્વયે વિકાસ કાર્યો અને જમીન સંપાદન, રેકર્ડ પર વિગતો નિયમિત રીતે નોંધવામાં આવે તે સહિતના પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી. જિલ્લા કલેકટર અજય દહિયાએ, નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે માટે સંબંધિત કચેરીઓના વડાઓને સંકલન કરવા અને ઘટતું કરવા દિશા નિર્દેશો આપ્યા હતા.

# જાફરાબાદ પંથકમાં ઢગાએ સગીરાના આંખ પર રૂમાલ બાંધી અડપલાં કર્યા

**અભ્યાસ માટે પુસ્તકના પૈસા મળે છે કહીને લઈ ગયો હતો**

જાફરાબાદ, તા. ૧૭

જાફરાબાદ પંથકમાં એક પુરુષ સગીરાને અભ્યાસ માટે પુસ્તકના પૈસા મળે છે તેમ કહીને બાવળની કાંટમાં લઈ ગયો હતો. જ્યાં તેની આંખ પર રૂમાલ બાંધી કપડાં ઉતારીને ગુપ્ત ભાગે અડપલાં કર્યા હતા. બનાવ સંદર્ભે પીડિતાની માતાએ વાંઢ ગામે નેસડી વિસ્તારમાં રહેતા કનુભાઈ લક્ષ્મણભાઈ મહીડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર પુત્રીને એલએન્ડટી કંપનીમાં અભ્યાસ માટે પુસ્તકોના પૈસા મળે છે તેમ કહી ગાડીમાં બેસાડી અવાવરૂ જગ્યાએ બાવળની કાંટમાં લઈ ગયો હતો. જ્યાં તેણે તેની પુત્રીની આંખ આડો રૂમાલ બાંધી, કપડાં ઉતારી ગુપ્ત ભાગે હાથની આંગળીથી અડપલાં કર્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં શહેર ભાજપ પરિવાર દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**કેમ્પમાં ૧૦૧ બોટલ બ્લડ એકત્રીત કરાયું**

જાફરાબાદ, તા.૧૭

જાફરાબાદમાં શહેર ભાજપ પરિવાર દ્વારા શનિવારે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને ઓપરેશન સિંદૂર



તસવીર : બાબુભાઈ વાઢેળ

સમર્પિત બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૧ બોટલ બ્લડ એકત્ર થયું હતું.

આ પ્રસંગે મામલતદાર, તેમનો સ્ટાફ, જાફરાબાદ પોલીસ સ્ટાફ, મરીન સ્ટાફ તથા તાલુકા પંચાયત સ્ટાફ, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, વેપારી એસોસિએશન, કોળી, ખારવા, મુસ્લિમ સહિત વિવિધ સમાજના આગેવાનો, જુદી જુદી સંસ્થાના પ્રમુખ, શહેર ભાજપના તમામ હોદ્દેદારો, શહેરીજનો, મંડલના પ્રમુખો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, કાર્યકરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગાધકડા ગામેથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાના ગાધકડા ગામેથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરવામાં આવ્યું હતું. બનાવ સંદર્ભે સગીરાના પિતાએ ફીરોજભાઈ ઈમરાનભાઈ ઉર્ફે મુનાભાઈ સૈયદ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની દીકરી સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં બદકામના ઈરાદે તેમના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો.

# બાબરાના ખીજડીયા કોટડા ગામે જમાઈએ સસરાના ઘરે આવી બબાલ કરી

**પત્ની રિસામણે આવી હતી**

બાબરા, તા. ૧૭

બાબરાના ખીજડીયા કોટડા ગામે જમાઈએ સસરાના ઘરે આવી બબાલ કરી હતી. અલ્કાબેન અનીલભાઈ પરમાર (ઉ.વ.૨૯)એ નડાળા ગામે રહેતા પતિ અનીલભાઈ નાનજીભાઈ પરમાર તથા ખીજડીયા કોટડા ગામે રહેતા વાલજીભાઈ માધડ, ચંદ્રિકાબેન વાલજીભાઈ માધડ, ચેતનભાઈ વાલજીભાઈ માધડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેના પિયર ખીજડીયા કોટડા ગામે રિસામણે હતા. તેના નણંદ ખીજડીયા કોટડા ગામે રહેતાં હતા. તેમને રિસામણે જવું હતું તેનું મનદુઃખ રાખી આરોપીઓ ખીજડીયા કોટડા ગામે આવ્યા હતા. ગાળો આપી તેના ભાભી શિલ્પાબેનને પાવડાની મુંધરાટી ડાબા હાથ ઉપર મારી દઈ મુઢ ઈજા કરી જતા રહ્યા હતા. તેમના માતા હંસાબેન વચ્ચે પડતાં તેમને પણ લોખંડના પાઈપનો એક ઘા માથામાં મારી મુઢ ઈજા કરી ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે. એમ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૫૫૪ |
| ઘઉં લોકવન | ૪૮૮ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૬૪૦ | ૮૫૬ |
| જુવાર લાલ | ૮૪૮ | ૧૦૪૦ |
| તુવેર | ૧૧૬૫ | ૧૪૩૬ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૨૧૧૦ |
| અડદ | ૧૧૨૫ | ૧૫૬૦ |
| મગ | ૧૪૦૧ | ૧૯૦૭ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૨૬૧ |
| ચોળી | ૧૪૫૦ | ૨૦૦૦ |
| વટાણા | ૬૯૬ | ૧૬૯૯ |
| રાજમા | ૬૦૩ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૯૪૦ | ૧૦૮૦ |
| મગફળી જીણી | ૯૮૦ | ૧૪૩૫ |
| તલી | ૧૧૫૦ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| એરંડા | ૧૦૫૫ | ૧૨૧૨ |
| અજમો | ૧૧૫૦ | ૧૬૧૦ |
| સુવા | ૧૧૨૫ | ૧૪૯૮ |
| સોયાબીન | ૭૯૨ | ૮૩૧ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૪૦ |
| કાળા તલ | ૩૦૪૦ | ૩૯૮૦ |
| લસણ | ૮૦૧ | ૧૬૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૫૧૧ |
| મરચા સુકા | ૮૦૦ | ૧૫૦૦ |
| ધાણી | ૧૧૮૦ | ૧૭૨૧ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૭૦૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૯૦ |
| રાય | ૧૦૪૦ | ૧૩૬૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૮૦ |
| ઇસબગુલ | ૧૧૧૧ | ૧૮૬૬ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૯૧૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૦૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૧૦૦ | ૩૦૫૦ |
| સાકરટેટી | ૧૬૦ | ૩૧૦ |
| તરબુચ | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૨૫ |
| ટમેટા | ૨૦૦ | ૩૫૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૨૧૦ | ૪૨૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૧૪૦ | ૩૪૦ |
| કોબીજ | ૪૦ | ૮૦ |
| ફ્લાવર | ૩૬૦ | ૫૮૦ |
| ભીંડો | ૨૪૦ | ૪૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૧૬૦ | ૩૦૦ |
| ટીંડારા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૪૦ | ૧૫૦ |
| કારેલા | ૪૦૦ | ૫૫૦ |
| સરગવો | ૨૦૦ | ૩૫૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૩૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૧૪૦ | ૨૬૦ |
| બીટ | ૧૬૦ | ૩૦૦ |
| મેથી | ૩૫૦ | ૭૨૦ |
| ડુંગળી લીલી | ૩૩૦ | ૬૧૦ |
| આદુ | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૨૬૦ |
| ગુંદા | ૩૦૦ | ૫૦૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૨૫ | ૧૧૦૦ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૦૩૦ |
| શિંગદાણા ફાડા | ૯૫૦ | ૧૩૩૫ |
| તલ સફેદ | ૧૨૮૦ | ૨૨૭૦ |
| તલ કાળા | ૨૪૩૦ | ૩૭૪૦ |
| જુવાર | ૬૭૫ | ૭૩૯ |
| ઘઉં ટુકડા | ૩૭૧ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૬૨ | ૫૨૪ |
| ચણા | ૭૭૦ | ૧૦૮૨ |
| સફેદ ચણા | ૧૦૪૨ | ૧૧૧૮ |
| તુવેર | ૭૦૦ | ૧૪૩૭ |
| કપાસ | ૮૯૯ | ૧૫૫૯ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૦૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૦ |
| મેથી | ૭૦૦ | ૯૦૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૭૯૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૩૧૦ |
| રાય | ૯૦૦ | ૧૦૧૫ |
| રાયડો | ૯૫૫ | ૯૭૫ |
| જીરૂ | ૩૨૩૦ | ૩૮૫૫ |
| અડદ | ૧૦૩૦ | ૧૨૨૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| છોલેચણા | ૧૪૮૧ | ૧૭૭૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૯૦ | ૨૯૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૫૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૫૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૫૦ |
| લસણ સુકું | ૪૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| કાચી કેરી | ૪૦૦ | ૬૦૦ |
| પાકી કેરી | ૮૦૦ | ૧૫૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૦૨૧ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૭૨ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૩૧ |
| મગફળી જીણી | ૮૪૧ | ૧૪૬૧ |
| સિંગદાણા જાડા | ૧૩૦૦ | ૧૬૧૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૩૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૩૧ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૭૨૬ |
| જીરૂ | ૩૨૫૧ | ૪૧૬૧ |
| કલંજી | ૧૩૦૦ | ૩૮૯૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૦૧ |
| ડુંગળી લાલ | ૨૧ | ૨૨૧ |
| અડદ | ૮૭૬ | ૧૬૦૧ |
| તુવેર | ૮૫૧ | ૧૪૫૧ |
| રાજગરો | ૧૬૦૧ | ૧૬૦૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૦૭૧ |
| રાય | ૯૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૭૫૧ | ૧૦૩૧ |
| સુવાદાણા | ૧૧૭૧ | ૧૧૭૧ |
| કાંગ | ૩૧૧ | ૬૧૧ |
| મગફળી જાડી | ૭૩૧ | ૧૩૬૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૯૧ |
| મગફળી નવી | ૯૬૧ | ૧૧૦૦ |
| તલ - તલી | ૧૪૦૦ | ૨૧૦૧ |
| ધાણી | ૯૦૧ | ૧૫૯૧ |
| ડુંગળી સફેદ | ૪૦ | ૧૩૮ |
| બાજરો | ૪૦૧ | ૫૦૧ |
| જુવાર | ૭૦૧ | ૮૧૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૧૫૫૧ | ૧૮૨૧ |
| ચણા | ૧૦૩૧ | ૧૦૭૧ |
| વાલ | ૫૫૦ | ૧૦૭૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૧૮૦૧ |
| સોયાબીન | ૭૨૧ | ૮૨૬ |
| ગોગળી | ૬૦૦ | ૧૧૫૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૬૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૩૬૦ |
| મરચા | ૧૬૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૬૦ | ૨૪૦ |
| દુધી | ૫૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૭૦ | ૫૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૪૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૨૦૦ |
| કેરી કાચી | ૧૮૦ | ૮૦૦ |
| બટેટા | ૨૨૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૪ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૬ |
| મૂળા પુરા | ૪ | ૭ |
| ક્રુદ્દિક્રુ | ૫૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૭ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૮૦ | ૭૦૦ |
| વાલોર | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૮૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૩૧ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૪૭૮ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૬ |
| ચણા | ૮૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૦૩૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| મગફળી | ૭૦૫ | ૯૪૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૭૬૫ | ૮૧૦ |
| જુવાર | ૭૨૫ | ૭૨૫ |
| ચણા છોલે | ૧૬૫૦ | ૧૬૫૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| રાય | ૧૦૨૦ | ૧૦૨૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૪૫ |
| કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૮૦ |
| મગફળી | ૯૭૬ | ૧૦૨૪ |
| જીરૂ | ૩૮૩૦ | ૪૦૯૦ |
| તલ સફેદ | ૧૭૭૦ | ૨૦૪૦ |
| ચણા | ૧૦૪૬ | ૧૦૯૪ |
| એરંડા | ૯૫૫ | ૧૧૪૫ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૪૨૫ |
| મગફળી | ૮૯૩ | ૯૫૧ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૫ |
| કલોજી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કાળા તલ | ૩૩૫૧ | ૩૩૫૧ |
| સોયાબીન | ૭૭૮ | ૭૭૮ |
| રાઈ | ૧૦૫૫ | ૧૦૫૫ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૬૧ |
| એરંડા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| જીરૂ | ૩૬૫૧ | ૩૯૭૫ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૦૧૮ | ૧૨૩૦ |
| શીંગ ૩૨ | ૯૧૪ | ૧૦૮૩ |
| શીંગ જી.૨૦ | ૯૦૩ | ૧૦૩૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૮૪ |
| જુવાર | ૩૬૧ | ૭૯૨ |
| બાજરી | ૩૫૧ | ૬૦૮ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૭૧ |
| મકાઈ | ૪૧૬ | ૪૧૬ |
| અડદ | ૩૪૦ | ૧૫૫૦ |
| મગ | ૧૦૦૦ | ૧૭૧૦ |
| મેથી | ૬૩૦ | ૭૦૦ |
| સોયાબીન | ૭૦૧ | ૭૬૫ |
| ચણા | ૬૦૦ | ૧૦૭૮ |
| ચણા દેશી | ૯૭૫ | ૯૭૫ |
| તલ સફેદ | ૯૨૫ | ૨૩૫૦ |
| તલ કાળા | ૯૦૦ | ૩૮૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૩૭૫ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| ડુંગળી લાલ | ૩૦ | ૨૧૧ |
| ડુંગળી સફેદ | ૨૦ | ૧૮૨ |
| નાળીયેર | ૮૮૧ | ૨૬૮૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૭૦૦ | ૯૮૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| કપાસ | ૧૧૨૦ | ૧૫૦૮ |
| બાજરા | ૪૦૦ | ૪૯૧ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૨૮ |
| જુવાર | ૩૭૧ | ૯૨૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૫૦૧ |
| સોયાબીન | ૭૧૫ | ૭૧૫ |
| રાય | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૬ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અજમા | ૧૬૦૦ | ૧૬૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૯૦ | ૧૦૩૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૨૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૬૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૧૧૪ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૫૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૦૪ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૪૧ |
| તુવેર | ૧૧૯૬ | ૧૩૨૨ |
| એરડી | ૧૦૫૦ | ૧૧૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૧ |
| જુવાર | ૪૫૦ | ૭૨૧ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૮૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૧૬૦ |
| મકાઈ | ૪૦૦ | ૬૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી૨૦ | ૯૦૦ | ૧૦૮૫ |
| મગફળી ૩૨નં | ૯૨૫ | ૧૦૭૮ |
| બાજરી હાઇ. | ૩૭૫ | ૬૨૭ |
| ઘઉં | ૪૬૪ | ૫૪૧ |
| જુવાર | ૬૫૦ | ૮૧૦ |
| એરડી | ૧૦૦૦ | ૧૧૮૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૨ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૭૦૦ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૨૦૨૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૭૨ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૮૧ |
| મગ | ૧૧૫૦ | ૨૦૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૯૮ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૨૧ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૨૨૬ |
| તલ સફેદ | ૧૩૫૧ | ૧૯૧૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૧ |
| તુવેર | ૯૦૦ | ૧૩૫૬ |

# બલોચીસ્તાન અને બાંગ્લાદેશ : નહેરુ-ઈન્દિરા-મનમોહનની મોટી ભૂલો




મહેલાબ બલોચ નવ વર્ષની હતી ત્યારે તેના પિતા દીન મોહમ્મદને ૨૮ જૂન ૨૦૦૯ના દિને પાકિસ્તાન ગુપ્તચર જવાનો ઑર્નાચ હૉસ્પિટલમાંથી ઉઠાવીને લઈ ગયા હતા. તેના પિતા ત્યાં નાઈટ શિફ્ટમાં કામ કરી રહ્યા હતા. પાકિસ્તાનની સંસ્થાઓએ તેના પિતા પર કોઈ અપરાધનો આરોપ મૂક્યો નહીં. તે ક્યાં અદૃશ્ય થઈ ગયા તે પણ કોઈને જાણ નથી. એ તો ઠીક, પણ દીન મોહમ્મદના પરિવારજનોને એફઆઈઆર પણ ન કરવા દીધી. દીન મોહમ્મદ એકલદોકલ કિસ્સો નથી, હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ અનુસાર, ૨,૦૦૦ લોકો અદૃશ્ય થઈ ગયા છે અને ૨૦૧૯ના પહેલા છ મહિનામાં ઓછામાં ઓછા ૧૫૮ લોકોને મારી નખાયા છે.

૨૦૦૫માં પાકિસ્તાની સેનાના એક અધિકારીએ બલોચ મહિલા પર બળાત્કાર કર્યો હતો.

૨ માર્ચ ૨૦૧૮માં પંજગુરમાં માધ્યમિક શાળામાં ભણતા અનીસ ખાલિકને આઈએસઆઈના અધિકારીઓ ઉઠાવીને લઈ ગયા હતા. આ કામ પાકિસ્તાન કેવી રીતે કરે છે? મામા કાદીર નામના એક બલોચ સ્વતંત્રતા ચળવળકારનું કહેવું છે કે પાકિસ્તાન સ્થાનિક બલોચ લોકોને જ પૈસા આપીને તેમની પાસે બલોચ ચળવળકારોનું અપહરણ કરાવે છે, તેમને સતાવે છે અને મરાવી નાખે છે. આથી તેમના પર ક્યારેય દોષ લાગતો નથી.

આ છે બલોચીસ્તાનમાં પાકિસ્તાની સેના દ્વારા થતા અત્યાચારની કથા. બલોચીસ્તાનની બે સીમા અફઘાનિસ્તાન અને ઈરાનને અડે છે. એક સીમા આરબ સમુદ્રને અડે છે. આ પ્રાંત પાકિસ્તાન માટે કેમ અગત્યનો છે અને ભારતે તેને ગુમાવીને હિમાલય જેવડી ભૂલ કેમ કરી છે તે એના પરથી જ્ઞાત થશે કે તેમાં કોલસો, લાઈમસ્ટૉન, ક્રૉમાઈટ, ઝિંક વગેરે ખનીજોનો ભંડાર છે. પાકિસ્તાનના કુલ ખનીજ પૈકી ૮૦ ટકા ત્યાંથી આવે છે. ત્યાં કુદરતી વાયુ (નેચરલ ગેસ)નો ભંડાર છે. સૌર ઊર્જાની રીતે પણ ત્યાં મોટી શક્યતા છે. આમ છતાં, તે પાકિસ્તાનનો સૌથી ગરીબ પ્રાંત છે.

બલોચીસ્તાનની કરુણ ગાથા સદીઓથી ચાલી આવે છે. પહેલાં અંગ્રેજોએ તેનું ભરપૂર શોષણ કર્યું. તે પછી પાકિસ્તાને. એમાં પાછું ચીનાઓ આવી ગયા. સીપીઈસીનું નામ આજકાલ મીડિયામાં બહુ આવે છે, પણ ઘણા બધાને તેનું આખું નામ ખબર નહીં હોય કારણકે હવે મીડિયામાં સમાચાર કે લેખની અંદર તેનું આખું નામ લખવાનું બંધ છે. ચાર ડબ્લ્યુ અને એક એચની થિયરી પણ બંધ છે. એટલે કે ક્યાં, ક્યારે, કેમ, કોના દ્વારા, કઈ રીતે તે સમાચાર કે લેખમાં નથી જાણવા મળતું. દા.ત. દંતેવાડામાં નક્સલીઓનો સફાયો થયો હોય તો સમાચારમાં લખવું જોઈએ કે છત્તીસગઢના દંતેવાડામાં. સમાચાર લખનારા માની લે છે કે એ તો બધા જાણતા જ હોય. ડેસ્ક પર કૉપી ઍડિટર કે મીડિયાના તંત્રી પણ હવે એ સુધારો કરાવતા નથી.

એટલે સીપીઈસીનું ફૂલ ફૉર્મ થાય છે- ચાઈના પાકિસ્તાન ઈકૉનૉમિક કૉરિડૉર. આ કૉરિડૉર એટલે કે માર્ગ ચીનના શીનજિયાંગને પાકિસ્તાનના ગ્વાદર અને કરાચી બંદરગાહ સાથે જોડે છે. આનાથી ચીનની સાથે પાકિસ્તાનને પણ ફાયદો થાય તેમ મનાય છે. પરંતુ બલોચ ચળવળકારોને તેની સામે વાંધો છે, કારણકે તેનાથી બલોચ લોકોનું શોષણ અને તેમની સાથે અન્યાય વધ્યો જ છે.

સીપીઈસી પછી ચીનાઓએ વન કાપી નાખ્યાં છે, ફળદ્રુપ જમીન ઘટી રહી છે, અને જળસંસાધનો પ્રદૂષિત થવાં લાગ્યાં છે. ખનીજો કાઢી લઈ જવાય છે અને તેની સામે સ્થાનિક વસતિ એટલે કે બલોચ લોકોને પૂરતું વળતર અને નોકરી મળતી નથી. સીપીઈસીથી સ્થાનિકોને મોટા પ્રમાણમાં નોકરી મળશે તેવી આશા જગાવવામાં આવી હતી. (ભારતમાં-ગુજરાતમાં પણ બહારની કંપનીઓનો આ ભય છે જ. વચ્ચે ગુજરાતમાં આના લીધે આંદોલનો પણ થયાં. તે શમી ગયાં છે – શમાવી દેવાયાં છે, પણ ભય ટળ્યો નથી. સ્થાનિકોને નોકરી નહીં મળે તો આવાં આંદોલનો ઊભાં થઈ શકે અને બહારનાં તત્ત્વો તો રાહ જોઈને બેઠાં જ હોય.)

તાજેતરનાં વર્ષોમાં એટલે જ બલોચ હિંસક બની ગયા અને ગઈ ૧૨ માર્ચ ૨૦૨૫એ જાફર ઍક્સપ્રેસ ટ્રેનને અપહૃત કરી સેંકડો લોકોને મારી નાખ્યા જેમાં ૫૦ સુરક્ષા જવાનો પણ હતા, તેવા બનાવો વધી ગયા છે. ભારતીય વીર સેનાએ ૬ મેની રાત્રે એટલે કે ટૅક્નિકલી ૭ મેએ ઑપરેશન સિંદૂર આદર્યું, તે જ દિવસે આઈઈડી વિસ્ફોટ કરીને બલોચ સ્વતંત્રતા સેના (બીએલએ)એ સાત પાકિસ્તાની અર્ધ સેનાના જવાનોને દોઝખશરણ પહોંચાડી દીધા હતા અને ૧૪ મેએ બલોચ ચળવળકારોએ બલોચીસ્તાન હવે પાકિસ્તાનનો ભાગ નથી, સ્વતંત્ર છે, તેમ જાહેરાત કરી માગણી કરી દીધી કે ભારત સહિતના દેશો અને સંયુક્ત રાષ્ટ્ર તેને માન્યતા આપે.

પણ શું તમને ખબર છે કે બલોચીસ્તાન ભારતનો જ ભાગ હોત? યથાર્થમાં, કલાતના રાજા (તે લોકો કલાતના ખાન કહે છે) મીર અહમદીયાર ખાને બલોચીસ્તાનને ભારતમાં ભેળવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. (કેટલાક વાંકદેખુઓ કહેશે કે કલાત એકલું બલોચીસ્તાન નહોતું, આજુબાજુ ખારન, મકરાણ અને લાસ બેલાસ જેવાં રજવાડાં પણ હતાં, પરંતુ એ સમજવાની વાત છે કે એક રાજ્ય આવે એટલે બીજાં પણ આવે જ.) પરંતુ વડાપ્રધાન નહેરુ ભારત કરતાં પાકિસ્તાન અને ચીનની વધુ ચિંતા કરતા હતા. દા.ત. પાકિસ્તાને સ્વતંત્રતા પછી તરત જ ઑક્ટોબર ૧૯૪૭માં કાશ્મીર પર આક્રમણ કર્યું ત્યારે આપણી સેનાએ અત્યારે છે તે કાશ્મીર તો પાછું મેળવી લીધું હતું અને આગળ કાર્યવાહી ચાલુ રહી હોત તો પાકિસ્તાન પાસે છે તે કાશ્મીર પણ પાછું મેળવી શકાયું હોત પરંતુ નહેરુ સરદારને પૂછ્યા વિના સંયુક્ત રાષ્ટ્ર સંઘ (તે વખતે સંયુક્ત રાષ્ટ્રનું નામ)માં ચાલ્યા ગયા અને જનમતની ઘોષણા પણ કરી દીધી. આ રીતે આ મુદ્દો જે ભારત-પાકિસ્તાન વચ્ચે પણ નહોતો, ખાલી સેનાએ પાછો મેળવી લેવાનો હતો.

પાકિસ્તાન સાથે પણ શેની વાતચીત હોય? તેને નહેરુએ આંતરરાષ્ટ્રીય બનાવી દીધો. સરદાર પટેલને ગાંધીજીએ વડાપ્રધાન ન બનવા દીધા અને સરદારે પણ તે વખતે ચૂપચાપ સ્વીકારી લીધું તેનાં ફળ ભારતે કેટલાં વર્ષ ભોગવ્યાં અને હજુ ભોગવે છે ! કારણકે ત્રાસવાદીઓ પાકિ. અધિકૃત કાશ્મીરથી જ ભારતમાં આવે છે. આ જ રીતે અમેરિકાએ સામે ચાલીને સંયુક્ત રાષ્ટ્ર સંઘની સુરક્ષા પરિષદમાં સ્થાયી સભ્ય બનવા માટે ભારતને પ્રસ્તાવ કર્યો હતો, પરંતુ તે વખતે હિન્દી-ચીની ભાઈ-ભાઈના ભાવાવેશમાં નહેરુએ કહ્યું કે અમારી જગ્યાએ ચીનને બનાવો, તે અમારું સાથી જ છે. શું ફેર પડે છે? સરદાર પટેલે તેમના જીવનના છેલ્લા પત્રમાં નહેરુને ચીનના આશયો બાબતે ચેતવ્યા હતા, પરંતુ નહેરુએ તેની ચર્ચા જ ન કરી.

તેથી મીર અહેદીયાર ખાને પ્રસ્તાવ મોકલી દીધો પરંતુ નહેરુએ સ્વીકાર્યો નહીં. નહેરુ કેવી ખોટી કલ્પનામાં રાચતા હતા, ખબર છે? તેઓ માનતા હતા કે મજબૂત અને સ્થિર પાકિસ્તાન ભારતને મોટા શત્રુથી પશ્ચિમી દિશાએથી બચાવવામાં નિમિત્ત બનશે ! ૧૯૪૬ના ડાયરેક્ટ ઍક્શન, ૧૯૪૭માં કાશ્મીર પર આક્રમણ છતાં નહેરુનો પાકિસ્તાનપ્રેમ ઓછો નહોતો થયો અને તેને તે શત્રુ નહોતા માનતા. આથી (નહેરુના કહેવાથી) સચિવ વી. પી. મેનને ઑલ ઈન્ડિયા રેડિયો પર ૨૭ માર્ચ ૧૯૪૮ના દિને જાહેરાત કરી દીધી કે ભારત કલાતના રાજાની ભારતમાં તેને ભેળવવાની માગણી અંગે કંઈ નહીં કરે. વિચાર કરો કે અત્યારે ગૃહ પ્રધાન સરદાર પટેલના બદલે ગૃહ સચિવ કોઈ નિર્ણય જાહેર કરે તો તેમનું કેટલું અપમાન કહેવાય ! તેમાંય ગૃહ પ્રધાનને તેની જાણ પણ ન હોય. બીજા દિવસે સરદાર પટેલે તરત જ જાહેરાત ફેરવી તોળવા પ્રયાસ કર્યો. પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું. મોહમ્મદ અલી ઝીણાએ પાકિસ્તાનની સેનાને મોકલીને બલોચીસ્તાનને એવો આક્ષેપ મૂકીને ભેળવી દીધું કે તે પાકિસ્તાનના શત્રુ સાથે છાનગપતિયાં કરે છે. ૨૮ માર્ચ ૧૯૪૮નો એ કાળમુખો દિવસ હતો જ્યારે આમ થયું.



વિચાર વલોણું
જયવંત પંડ્યા

૭૭ વર્ષ સુધી બલોચ પ્રજાએ પાકિસ્તાની સેનાના અત્યાચારો સહ્યા. કેટલાંયનાં મૃત્યુ થયાં. કેટલાયને ગાયબ કરી ક્યાં લઈ જવાયા, કેવી અવસ્થામાં રખાયા, કેટલીય મહિલાઓ પર બળાત્કાર થયા હશે ! કોના પાપે ? કોની ભૂલના લીધે ? મીર અહેમદીયાર ખાનના ભાઈ રાજકુમાર અબ્દુલ કરીમે આ નિર્ણયની સામે વિદ્રોહ કરી દીધો. બસ, ત્યારથી બલોચ લોકોની સ્વતંત્રતાની ચળવળ શરૂ થઈ ગઈ. ૧૯૫૮માં ફરીથી કલાતના તે સમયના ખાન નવાબ નૌરોઝ ખાને સ્વતંત્રતા જાહેર કરી અને ગેરિલા યુદ્ધ શરૂ કર્યું. એક વર્ષ પછી પાકિસ્તાને તેમને જો તેઓ શરણે આવે તો રાહત આપવાનું વચન આપ્યું પરંતુ ખંધા પાકિસ્તાને તેમ કર્યું નહીં અને નવાબનું મૃત્યુ જેલમાં જ થયું. તેમના પરિવારજનોને પણ દુષ્ટ પાકિસ્તાને છોડ્યા નહીં. ફાંસી આપી દીધી.

૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન- બાંગ્લાદેશે સ્વતંત્રતા મેળવી લીધી, તે સમયે ફરીથી બલોચોએ સ્વાયત્તતા માટેની માગણી બુલંદ બનાવી. ૨૦૦૩માં વિદ્રોહની ગતિ ફરીથી વેગીલી બની. (એ સમયે ભારતમાં કોની સરકાર હતી તે સ્મરણ અપાવવાની આવશ્યકતા નથી.) ૨૦૦૫માં સુઈ ગેસ સુવિધામાં એક મહિલા ડૉક્ટર શાઝીયા ખાલીદ પર બળાત્કારથી આ વિદ્રોહ વધુ તેજ બન્યો. સ્વાભાવિક છે કે એ કોઈ ગાઈવગાડીને સ્વીકારે નહીં કે ભારતનું આ વિદ્રોહને પીઠબળ છે. હા, પાકિસ્તાન અવશ્ય કહેતું રહ્યું કે ભારત તેને ખાતર-પાણી પૂરાં પાડે છે.

પાકિસ્તાન કહે, પણ ભારતના વડાપ્રધાને સ્વીકારવું જોઈએ? પરંતુ નહેરુ જેવી જ ભૂલ અર્થશાસ્ત્રી અને પ્રમાણિકતાની છાપ ધરાવતા ડૉ. મનમોહનસિંહ કરી બેઠા. ૨૦૦૮માં દેશભરમાં જાન્યુઆરીથી લઈ નવેમ્બર સુધીમાં જયપુર, દિલ્લી, અમદાવાદ, બૅંગ્લુરુ અને છેલ્લે ૨૬ નવેમ્બરે મુંબઈમાં ત્રાસવાદી આક્રમણો થયા હતા. બૉમ્બ ધડાકાઓથી દેશ ધ્રૂજી ઊઠ્યો હતો. અનેક નિર્દોષ લોકો અને સુરક્ષા જવાનોએ જીવ ગુમાવ્યા હતા. ૨૬ નવેમ્બર ૨૦૦૮નાં ત્રણ દિવસીય આક્રમણથી સમગ્ર વિશ્વ ચોંકી ગયું હતું. આ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેમ ઑપરેશન સિંદૂરની છૂટ આપી તેમ તે વખતે સેનાને છૂટ આપવાની આવશ્યકતા હતી. પરંતુ તેના બદલે મૌનમોહન સરકાર (ખરેખર તો સોનિયા ગાંધી સરકાર) પાકિસ્તાનને ૨૬ નવે.ના આક્રમણ માટે ઉત્તરદાયી ત્રાસવાદીઓના ડૉઝિયર આપતી રહી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાને ફરિયાદ કરતી રહી.

એ સમયે ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીને 'આપ કી અદાલત'માં રજત શર્માએ પૂછ્યું હતું કે તમે હો તો શું કરો? મોદીએ બિલકુલ કઠોર મુદ્રામાં કહ્યું હતું, તેમની ભાષામાં ઉત્તર આપું. તે સમયે ઘણાને લાગ્યું હતું કે એક મુખ્ય પ્રધાન હોવું અલગ વાત છે અને વડાપ્રધાન હોવું અલગ વાત છે. ભૂ-રાજકીય સમીકરણો તેમને શું ખબર પડે? પાકિસ્તાન તો પરમાણુ શક્તિ છે. આજે એવું લાગે છે કે તે સમયે મોદીજી વડાપ્રધાન હોત તો સ્થિતિ જુદી હોત.

એટલે એ આક્રમણ પછી ઑપરેશન કરવાના બદલે ૨૦૦૯માં મનમોહનજીએ ઈજિપ્તના શર્મ અલ શેખ શહેરના સુંદર રિસૉર્ટમાં પાકિસ્તાની વડાપ્રધાન યુસૂફ રઝા ગિલાની સાથે વાટાઘાટ કરી. ચાલો, વાટાઘાટ તો વાટાઘાટ, પણ તેમાંય પાકિસ્તાને ત્રાસવાદ બંધ કરવો પડશે તેવી વાત હોવી જોઈએ ને? તેના બદલે થયું ઉલટું. પાકિસ્તાનનો આક્ષેપ હતો કે ભારત બલોચીસ્તાનના બળવાખોરોને અફઘાનિસ્તાનમાં તેની એલચી કચેરીમાંથી મદદ કરે છે. બંને વચ્ચે થયેલી આ બેઠક પછી બહાર પડાયેલાં સંયુક્ત નિવેદનમાં આ વાતને માન્યતા મળી ગઈ. બલોચીસ્તાનને સીધી રીતે ભારત સાથે કોઈ લેવાદેવા નહોતી. પાકિસ્તાને જો બલોચીસ્તાનને સારી રીતે રાખ્યું હોત, તેનો વિકાસ કર્યો હોત તો કોઈ સમસ્યા હોત? એટલે જે સમસ્યા પાકિસ્તાને સર્જી હતી તે સમસ્યા ડૉ. મનમોહનસિંહના ગિલાની સાથેના નિવેદનના કારણે ભારતે સર્જેલી સમસ્યા બની ગઈ. આની સામે કૉંગ્રેસના સાંસદ વિજય દારડાએ જ પોતાની સરકાર સામે પ્રશ્ન પૂછ્યો હતો. ત્યારે કૉંગ્રેસ સરકારને ઉત્તર આપતાં તકલીફ પડી ગઈ હતી.

આવી ઐતિહાસિક ભૂલો કરતા રહેવાની કૉંગ્રેસ સરકારોને ટેવ છે. ભારતે પાકિસ્તાનની વિનવણી-આજીજી પછી ગત ૧૦ મેએ શસ્ત્રવિરામ જાહેર કર્યો, તે પછી આયર્ન લેડી ઈન્દિરા ગાંધીની પ્રશંસાની કૉંગ્રેસે ચલાવેલી ટૂલકિટ અનેક પત્રકારોએ પણ ચલાવી. પરંતુ ૧૯૭૧ના યુદ્ધમાં જીત પછી, ભારતે પાકિસ્તાનના ૯૩,૦૦૦ સૈનિકો અને વીર સેનાએ જીતેલી જમીન પાછાં આપી દીધાં. ભાજપ સરકારની ઈકૉ સિસ્ટમનો લાભ મેળવી લીલા રંગની ઈકૉ સિસ્ટમ ચલાવતા કલમઘસુઓ એમ બચાવ કરે કે એ તો જીનેવા સંમેલનના પાલનમાં આપણે તેમના સૈનિકો પાછા આપી દેવા પડે તો એ બુદ્ધિના બારદાનોને પૂછવું જોઈએ કે ઈન્દિરાજીએ આપણા ૫૪ સૈનિકોને કેમ પાછા ન છોડાવી લીધા? મોદીજીએ જેમ ૨૦૧૯માં કેપ્ટન અભિનંદન વર્ધમાન અને ઑપરેશન સિંદૂર પછી પૂર્ણમકુમાર શૉવને છોડાવી લીધા તેમ?

એ તો ઠીક, પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર પણ પાછું ન લીધું. અને બાંગ્લાદેશી શરણાર્થીઓ-અને પછી બાંગ્લાદેશી મુસ્લિમ ઘૂસણખોરોની સમસ્યા ઉત્પન્ન કરી દીધી તે અલગ. અને એ બાંગ્લાદેશીઓને ન તો તેમણે, ન તો રાજીવ ગાંધીએ પાછા મોકલ્યા. તે વખતે તો બાંગ્લાદેશ સંપૂર્ણ ભારતના પ્રભાવમાં જ હોય. પરંતુ મુસ્લિમ મત બૅંકની લાલચે માતા-પુત્રની સરકારને આમ કરતા રોક્યા.

આ જ કારણ છે કે આજે ડીપ સ્ટેટની કૃપાથી 'સલાહકાર'ના પદે રહી વડાપ્રધાન તરીકે કામ કરતા, મનમોહન જેવા અમેરિકાના માનીતા અર્થશાસ્ત્રી, મોહમ્મદ યુનૂસ ચીનને ભારતનાં પૂર્વોત્તર રાજ્યોનું સંરક્ષક બાંગ્લાદેશ છે, એ સરહદે તમે રોકાણ કરવા આવો, તેમ પ્રસ્તાવ કરી દીધો અને નેપાળ સંસદના ઉપ અધ્યક્ષની સાથે વાતચીતમાં તેમણે કહ્યું કે બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન અને (ભારતનાં) સાત રાજ્યો માટે સંકલિત આર્થિક યોજના હોવી જોઈએ. આમ, યુનૂસ ભારતનાં સાત રાજ્યોને અલગ કરવાનો મેલો આશય ધરાવે છે, ધરાવી શકે છે, એ કોના પાપે? ભારતે અત્યારે ત્રણેય સીમાએ સાવધ રહેવું પડશે, કારણકે પહેલગામ આક્રમણ પછી યુનૂસના એક અધિકારી મેજર જનરલ (નિવૃત્ત) અલ્મ ફઝલુર રહમાને ચેતવણી આપી હતી કે જો પહેલગામનો બદલો લેવા ભારત પાકિસ્તાન પર ત્રાટકે તો બાંગ્લાદેશે ભારતનાં સાત પૂર્વોત્તર રાજ્યોને જીતી લેવા જોઈએ. ૨૦૧૯-૨૦માં સી.એ.એ. વિરોધમાં ધરણા વખતે ભારતના શરજિલ ઈમામે આ જ વાત કહી હતી કે ચિકનનેકથી ભારતના ભાગલા કરી દેવા જોઈએ.

અર્થાત્, ભારતને ભય માત્ર બાહ્ય શત્રુઓથી નથી, આંતરિક શત્રુઓથી પણ છે. અને આ લખાય છે ત્યારે છેલ્લા બે દિવસમાં- ૧૪ અને ૧૫ મેએ જમ્મુ-કાશ્મીરમાં પાંચ ત્રાસવાદીઓ, છત્તીસગઢમાં ૩૧ નક્સલો અને મણિપુરમાં ૧૦ ઉગ્રવાદીઓનો સફાયો કરી દેવાયો છે. ગુજરાતના બાંગ્લાદેશીઓને તેમના દેશ પરત મોકલી દેવાયા છે. ■

jaywant.pandya@gmail.com

# પ્રતિશોધ - નપુંસકની ક્ષમા કોઈ કામની નથી



રાજકીય રસધાર
પ્રવીણ માધાણી

નાના હતા ત્યારે અમે કોઈ અવળચંડાઈ કરતા તો ઘટના સ્થળે હાજર હોય એ અમારા ગામના કોઈપણ વડીલ અમને ધોકાવી નાખતા. એ વડીલ કોણ છે ? એ લપમાં અમે ન પડતા અને અમે કોના છોકરા છીએ, એ લપમાં કોઈ વડીલ ન પડતા. અમારી કરુણતા એ હતી કે એ ફરિયાદ અમે ઘેર પણ ન કરી શકતા. જો કરીએ તો ત્યાં એમ કહીને પણ માર પડતો કે તે જ કઈક બદમાશી કરી હશે. અમારી સ્થિતિ ત્યારે અદલ આજના પાકિસ્તાન જેવી હતી. ભારતે સારીપટ ધોકાવી નાખ્યું, તો'યે કોઈને કહે શકે તેમ નથી કે અમને લમધારી નાખ્યા. જાંઘના જખમ છે, કોને દેખાડવા ? ભારતે પહેલગામના બર્બર આતંકી હુમલાનો આક્રમક જવાબ આપ્યો. પાકિસ્તાન અને વિશ્વે આટલી તીખી અને ગંભીર પ્રતિક્રિયાની અપેક્ષા નહોતી રાખી. હિન્દુસ્તાનમાં આતંકવાદી હુમલાઓ બાદના ૨૦૧૪ સુધીના જવાબો ડીપ્લોમેટીક રહ્યા હતા. ડોઝીયર, ડીનર ડિપ્લોમસી, દ્વિપક્ષીય વાટાઘાટો, સચિવ સ્તરની વાતચીત જેવા શબ્દો દરેક આતંકવાદી હુમલા બાદ ઉછળતા ભારતની પ્રજાએ સાંભળ્યા છે. આતંકી હુમલા બાદ જવાબ ન આપવા ચૂંટણી અને મતબેંક જેવા વાહિયાત તર્ક રજૂ થયા છે. ૨૦૧૪ સુધી ભારતના નેતાઓએ પોતાના રાજકીય એજન્ડાઓ અંતર્ગત નપુંસકોની જેમ ક્ષમા ક્ષમાનું કોરસ ગાયે રાખ્યું હતું. વાતચીતના બદલે ધમકીઓ અને બોફોર્સના ગોળા ઉછળતા છેલ્લા દાયકાથી જ જોવા મળતા થયા છે. પહેલી વખત કદાચ આતંકીઓને અફસોસ થતો હશે (જે જીવતા હશે તેને...) કે ધર્મ પૂછીને મારવાની કોઈ જરૂર નહોતી. આ વળતા જવાબી હુમલામાં સ્થિતિની મજબૂતાઈ એ રહી કે આ વખતે ભારતીય રણનીતિ સામે ભારતની જનતાને અમેરિકા જેવા દેશની ભૂમિકા પણ કોમેડી જેવી લાગી. ચીન મૌન રહ્યું. સપાટી પર સ્પષ્ટ દેખાઈ આવ્યું કે ભારત અમેરિકા અને ચીનને આ બાબતે સીરીયસલી નથી લઈ રહ્યું. અમેરિકાએ આજદિન સુધી ક્યારેય 'તમે બંને તમારું ફોડી લો' જેવો અભિગમ નથી અપનાવ્યો. દેશના સામાન્ય જનને એ ખ્યાલ હતો કે મોદી આ વખતે કોઈનું સાંભળવાના નથી. તાકાત માત્ર યુદ્ધ મોરચે જ બતાવવાની નથી હોતી. પાકિસ્તાન જો વિશ્વકક્ષાએ એકલું પડી ગયું હતું, તો એ ભારતની આંતરરાષ્ટ્રીય કૂટનીતિ હતી. જે તુર્કીને ભારતે તાજેતરમાં થયેલા ભૂકંપ બાદ ઓપરેશન 'દોસ્ત' અંતર્ગત સૌથી પહેલી મદદ પહોચાડી હતી, એ તુર્કી યુદ્ધ વખતે પાકિસ્તાનને ડ્રોન આપીને મદદ કરી ગયું. સરકારે તો ચોક્કસ રણનીતિ ઘડી જ કાઢી હશે તુર્કી સામે, પણ દેશની જનતાએ સૌથી મોટો બોધપાઠ અગર કોઈ દેશ પાસેથી લેવાનો હોય તો એ પાકિસ્તાન, ચીન કે અમેરિકા નથી, એ છે નમકહરામ તુર્કી. ૨૦૨૩ના ભૂકંપ બાદ માત્ર ૧૨ કલાકમાં ભારતે તુર્કી મદદ પહોચાડી હતી. ઓપરેશન સિંદુર સમયે તુર્કી યુદ્ધ અને ડિપ્લોમેટિક, બંને મોરચે પાકિસ્તાનની સાથે ઉભું રહ્યું હતું. સરકાર કોઈ પગલા લે એ પહેલા દેશની જનતાએ તુર્કી ઉપર ટુરીઝમ અને ટ્રેડ મોરચે હુમલો કરીને એક મોટો સંદેશ વિશ્વને આપી દીધો છે. જેની મરવાની તૈયારી છે, એ જ યુદ્ધ જીતે છે, અને યુદ્ધ પછી જીવતો રહે છે. આ યુદ્ધનો નિયમ છે. આપણે ત્યાં કહેવત છે કે પહેલો ઘા રાણાનો, કદાચ આ આધુનિક યુગમાં છેલ્લો ઘા પણ રાણાનો હોઈ શકે છે.

'ક્ષમા વીરસ્ય ભૂષણમ' ખરું, પણ એક હદ સુધી જ. પછી તો રાણો રાણાની રીતે જ હોય.

જે રાજાના હાથમાં રાજદંડ છે, અને રાક્ષસી પ્રવૃત્તિઓ સામે જો એ વાપરતો નથી તો એ રાજાને વિના વિલંબ સિંહાસન પરથી ઉતારી મુકવો જોઈએ. રાજદંડ એ પણ રાજધર્મ છે. ધણધણી ગયા બાદ સ્ટેનગનના નાળચામાંથી નીકળતા ધુમાડા અને ધમાકો થઈ ગયા બાદ બોફોર્સના ગોળાના બારૂદની ખુશ્બૂથી હિન્દુસ્તાને ટેવાઈ જવું પડશે. જો તમારે નિર્દોષ નાગરિકોની લોહીથી ખરડાયેલી તવારીખો ન જોવી હોય તો રાજદંડ હાથમાં જ રાખવો પડશે. ક્યારેક તમારો આક્રમક સ્વભાવ કે વલણ પણ દુશ્મનને શાંત અને તમને સુખી રાખે છે.

સૌથી મોટો બોધપાઠ, કે શાંતિકાળમાં કરેલ તૈયારીઓ યુદ્ધ વખતે કામ લાગે છે. શસ્ત્ર સરંજામ ક્ષેત્રે ભારતે છેલ્લા દાયકામાં લાંબી મજલ કાપી છે. ભારતીય સેનામાં આજે સ્વદેશી બનાવટના હથિયારો અને ઘરઆંગણાની ટેકનોલોજીના ઉપયોગની માત્રા સતત બહોળી થઈ રહી છે. ભારત જાણે છે કે આ મોરચે સતત અન્ય દેશોના ભરોસે રહેવું સુરક્ષા તો ઠીક, અર્થતંત્રને પણ પાલવે તેમ નથી. શસ્ત્ર હોવા પણ શાંતિની પૂર્વશરત છે. જેટલા ઘાતક અને વિનાશક શસ્ત્રો તમારા ભાથામાં હોય, એટલી શાંતિ તમારા પક્ષે હોવાની શક્યતા વધુ રહેવાની. રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકરે' કુરુક્ષેત્ર મહાકાવ્ય લખ્યું છે, જેમાં યુધિષ્ઠિર ભીષ્મ સંવાદ છે, આ મહાકાવ્યના ત્રીજા પર્વના અમુક અંશો અહી ટાંક્યા છે, જે સાંપ્રત પરિસ્થિતિમાં સૂચક છે.

'ક્ષમાશીલ હો રિપુ-સમક્ષ તુમ હુએ વિનત જીતના હી, દુષ્ટ કૌરવોને તુમકો કાયર સમજા ઉતના હી.' (તમે જેટલા વિનયથી વર્ત્યા, કૌરવોએ તમને એટલા જ કાયર સમજ્યા.)

'ક્ષમા શોભતી ઉસ ભુજંગકો, જિસકે પાસ ગરલ હો, ઉસકો ક્યા, જો દંતહીન, વિષરહિત, વિનીત સરલ હો.' ( જે તાકતવર છે, સક્ષમ છે, તેની ક્ષમા જ શોભે છે. કાયર, નપુંસકની ક્ષમા કોઈ કામની નથી.)

'સહનશીલતા, ક્ષમા દયા કો તભી પૂજતા જગ હૈ, બલ કા દર્પ ચમકતા ઉસકે પીછે જબ જગમગ હૈ.' ( તેની સહનશીલતા, ક્ષમા અને દયાને જગત પૂજે છે, જેની પાસે બળનું ગૌરવ હોય છે.)

'પ્રતિશોધ સે હૈ હોતી શૌર્ય કી શિખાએ દિપ્ત, પ્રતિશોધ-હીનતા નરો મેં મહાપાપ હૈ. ' (પ્રતીશોધથી જ શૌર્યની શિખાઓ દેદીપ્યમાન થાય છે, જે પ્રતિશોધ નથી કરતો એ મહાપાપ છે.)

'છોડ પ્રતીવૈર પીતે મૂક અપમાન વે હી, જિનમેં ન શેષ સૂરતા કા વહ્ની-તાપ હૈ.'

( જેનામાં સૂરતા ન બચી હોય તેઓ જ પ્રતિશોધ છોડીને અપમાનને પિતા રહે છે.)

ક્વિક નોટ -- " ઉંદર પકડવા માટે ટેંક કે ટ્રકની જરૂર નથી, ફક્ત બિલાડી જ જોઈએ." – જ્યોર્જ ગ્રીવાસ ■

production@infiniumpharmachem.com

# પાણીપુરીની શોધ કોણે કરી હશે ?



હાસ્યાય નમઃ
ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) પાણીપુરીની શોધ કોણે કરી હશે ?
જીગર આહીર (દાત્રાણા- પાટણ)
કોઈક કુંવારાએ કરી હોવી જોઈએ!

(૨) ઘેર મહેમાન બહુ આવે છે. શું કરવું?
દિયા પટેલ (વડોદરા)
વીમાના એજન્ટ બની જાઓ.

(૩) દોડવું ન હોય અને ઢાળ મળે તો શું કરવું?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
જરૂર હોય એને ઢાળ દાનમાં આપી દો. એનાથી તમે પાનવાળાને બદલે દાનવાળા તરીકે ઓળખાશો.

(૪) મમરા પોલા અને દાળિયા નક્કર.. આમ કેમ?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
સાંજે ભેળ ખાઈને ચલાવવાનું લાગે છે!

(૫) ભૂત આપણને બીવડાવવા જ કેમ આવે છે? વાતો કરવા કેમ નહી?
શંભુ ખાંટ 'અનિકેત' (પાટ્યો અરવલ્લી)
એ વાતો કરવા જ આવે છે પણ તમે બોલી શકશો?!

(૬) એસી ચાલુ હોય ત્યારે પંખો ચાલુ રખાય?
રમાબેન પટેલ (અમદાવાદ)
ના પણ પંખો ચાલુ હોય ત્યારે એસી ચાલુ રાખી શકાય. (પરસેવો વળી ગયોને?!).

(૭) ટીવીમાં દેખાવા શું કરવું પડે?
નીરવ ડણાંક (અમરેલી)
પહેલા સીસીટીવીમાં દેખાવું પડે!

(૮) ભેંસ શબ્દ સાચો કે ભેંશ?
દર્શન પટેલ (વડોદરા)
આ માથાકૂટમાં પડવા કરતાં એને બફેલો કહીને જ બોલાવવા માંડો. અંગ્રેજી ભેંસોના આશીર્વાદ મળશે.

(૯) અકલ બડી કે ભેંસ?
વૃષભ પટોળિયા (સુરત)
ભેંસનો જન્મતારીખનો દાખલો મોકલો.

(૧૦) કુદરતે રાત બનાવી ના હોત તો ?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
તો યુધ્ધમાં બ્લેક આઉટ (અંધારપટ) કેમ કરત?

(૧૧) પ્રશ્ન ઓછા શબ્દોમાં પૂછવામાં મગજને બહુ કષ્ટ પડે છે.
કનુભાઈ પરમાર (દામનગર)
તમતમારે લાંબો પ્રશ્ન પૂછો. હું એ પ્રશ્નમાંથી વધારાના શબ્દો કાઢી એનો જવાબ બનાવી નાખીશ.

(૧૨) તિલક કરતાં ત્રેપન ગયાં જપમાળાનાં તો નાકા ગયા તો પછી હાથની આંગળીઓનું શું થયું હશે.?
ધોરાજીયા ઘનશ્યામ એન (સાજણટીંબા)
વાહ, તમને રહી રહીને બ્રહ્મજ્ઞાન આવ્યું ખરું અખો રાજી થશે!

(૧૩) આઈપીએલમાં પરિણામ પછી કેપ્ટન સાથે સવાલ જવાબ કરવા તમને મોકલ્યા હોય તો ?
રાજુ એન. જોષી ધરાઈ (બાલમુકુંદ)
અમ્પાયરને પણ દાંત આવી જાય.

(૧૪) મારું મન ક્યાંય ચોંટતું નથી. શું કરવું?
જય દવે (ભાવનગર)
ઓપરેશન ગુંદર.


(૧૫) વોટ્સેપિયા સૈનિકો ખૂબ લડ્યા. હવે ક્યારે બંધ થશે?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
ડેટા ખૂટી જશે ત્યારે. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# શહેરોમાંથી ગામડે પાછા ફરતા પરિવારોની દંતકથા

**એ વર્ગ નાનો છે જે ઘરમાં સંતાનો પોતાના માતાપિતાને સાથે પૂજા કરતા, સાથે ભોજન લેતા અને સંપીને હિસાબ લખતા જુએ છે.....!**

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય



આપડે માનીએ છીએ કે શહેરમાં કોઈને પણ પોતાના જોગનું કામ મળી રહે એ જમાનો હવે નથી. હા, શહેરોમાં કામ તો અઢળક છે પણ એ આવડે એનું કામ છે. જરાક જ જેનામાં જલસાખોરીનું લખ્ખણ આવે કે શહેર એને ફંગોળીને દૂર એના વતન વગડામાં ફેંકે છે. પછી ઊભા થવાની પણ ફર્ય નો રહે ઈ વાત જુદી છે. હશે એમાં કદાચ સહુ કહે છે એમ ભાગ્યનોય કંઈક દોષ હશે પરંતુ કર્મથી તો ઊંચું આ સંસારમાં કંઇ નથી. છેલ્લા દસ વરસમાં સૌરાષ્ટ્રની પ્રજાએ શહેરોમાંથી પાછા ફરેલા પરિબળો જોયા છે. બધા જ લોકો પોતાની આત્મકથાના પાનાઓ રાજકમલ ચોકમાં ગામને વાંચવા ખુલ્લા મૂકતા નથી. બધાને એક જ ધોંહરે હાંકવાની જરૂર હોતી નથી. દરેકના કારણો અલગ હોય છે. સામાન્ય રીતે અસલ કારણો તો એક રહસ્ય જ હોય છે પરંતુ લોકો એને જુદી રીતે જુએ છે.

પહેલી વાત તો એ છે કે છાને પગલે હવે શહેરો ખાલી થવા લાગ્યા છે. શહેરના ખર્ચને પહોંચી વળાય એમ નથી. શહેરમાં પહેલેથી જ જેઓ સાદગીથી રહે છે અને માત્ર ઘરના જ રોટલા ખાવા ટેવાયેલા છે તેઓ ટકી ગયા છે. આજના શહેરો સાવ બદલાઈ ગયા છે. કાં તો તમે ચિક્કાર ધનસંપત્તિમાં આળોટતા હો તો શહેરમાં રહી શકો. અથવા સાવ સામાન્ય સ્થિતિમાં રહેતા આવડતું હોય તો શહેરમાં પોસાય. કોઈ સરકારને દોષિત માને તો માને પણ હકીકતમાં બજારની તેજી અને મંદી માટે પ્રજા પોતે જ જવાબદાર હોય છે. જે મોટે ઉપાડે પહેલા શહેરો તરફ બધા ધસી જતાં હતા એવું હવે નથી. આપણી પ્રજાએ શહેરોમાં જ એટલું બધું ધ્યાન આપ્યું કે ગામડાંઓ ભૂતાવળ જેવા ખાલીખમ થઈ ગયા.

આનું એક કારણ એ છે કે આપણે વિચાર્યા વિનાના ખર્ચ કરવાની કુટેવનો ભોગ બન્યા છીએ. ગામના ચોકમાં મોચી બુટ સિવી આપતા હતા જે બાટા કંપની કરતાય વધુ સારા હતા. આજેય એ બુટ કોઈ કોઈ ગામમાં મળે છે. એની કિંમત બ્રાન્ડેડ કંપનીના બુટથી ત્રીજા ભાગની હોય છે અને ક્યારેક તો એનાથીય ઓછી હોય છે. એ પડતા મૂકીને બ્રાન્ડેડના રવાડે ચડ્યા. કપડામાં પણ એવું થયું. આપણે જે શર્ટ પહેરીએ છીએ એમાં પચીસ રૂપિયાનું સૂતર વપરાય છે. એને કલર કરવામાં વીસ રૂપિયાનો ખર્ચ થાય. વળી એને નાના ગામમાં સિવડાવો તો કદાચ સો રૂપિયા સિલાઈના થાય. એની સામે પાંચસો અને હજાર રૂપિયાના શર્ટની બોલબાલા છે. ગાંધીજીએ ગામડાંઓને સ્વનિર્ભર કરવા માટે રેંટિયો આપ્યો જેને આઝાદી પછી ભારતીય પ્રજાએ ફેંકી દીધો. ગાંધીજી જાણતા હતા કે મધ્યમ વર્ગ માટે સૌથી મોટા વાર્ષિક ખર્ચમાં કાપડ-કપડાંનો ખર્ચ મુખ્ય છે. આજે પણ અલગથી દરેક પરિવારના કપડાં પાછળના કુલ ખર્ચનો સરવાળો કરવામાં આવે તો ખ્યાલ આવે કે આંકડાઓ ક્યાં પહોંચે છે. પરંતુ કાપડમાં ભારતને ગાંધીજીનું સ્વાવલંબન માફક ન આવ્યું. આજે વિદેશી રેડીમેઈડ ગારમેન્ટ ઉત્પાદકો ભારતમાંથી ધૂમ કમાણી કરે છે. ગાંધીજીનું અર્થશાસ્ત્ર આપણે અભરાઈ પર મૂકી દીધું. ન્હાવા માટે પંડ્યે સાબુને બદલે પથ્થર ઘસવાની સલાહ આપનારા એ પોરબંદરના વાણિયાને સમજતા દુનિયાને પચાસ વરસ લાગ્યા હતા પણ ભારતને તો હજુ બીજા બસ્સો વરસ લાગશે.

આજે ચોતરફ મોંઘી ખરીદી દેખાય છે અને વળી પોતાની એ મૂર્ખતા પર લોકો ગૌરવ લેતા લેતા ઉલ્લળી-ઉલ્લળીને વાતો કરતા જોવા મળે છે. સસ્તાની વાતો હાસ્યાસ્પદ લાગે અને પાંચ જણા વચ્ચે એવી સસ્તાની વાતો કરો તો તમે મૂર્ખ ઠરો. ઘણું કમાયા પછી પણ જેમની જિંદગીમાં આર્થિક પતન આવે છે એના કારણો સાવ સામાન્ય હોય છે, એમાં ભૂલ એટલી જ હોય છે કે એને સામાન્ય માની લેવામાં આવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક કહેવત છે કે કુસંગીના ફંદમાં સત્સંગીના રોટલા. આનો અર્થ એ થાય છે કે કુસંગી માણસ વ્યસનમાં જેટલો ખર્ચ કરે છે એટલામાં તો સત્સંગીઓના બે ઘર નભી શકે છે. વિચાર કર્યા વિનાનો દરેક ખર્ચ સરવાળે આપત્તિ નોંતરે છે. જેઓએ શહેરોમાં દસ-વીસ વરસ પરિવાર સાથે પસાર કર્યા પછી વતનમાં ઠેબા ખાવા પાછા ફરવું પડે છે એનું એક કારણ વ્યસન પણ હોય છે અને વ્યસનના તો હજાર પ્રકાર છે.

ગામડાંઓમાં કોઈ ધંધો રોજગાર નથી એમ કહેવામાં આવે છે પરંતુ હકીકતમાં એવું નથી. જેનામાં આવડત છે એ તો ગામડે બેઠાં પણ લાખો રૂપિયા કમાઈ શકે છે. ગામડે બેસી ખાલી ધાણાદાળ વેચીને લોકો કરોડોપતિ થયા હોવાના દ્રષ્ટાન્તો આપણી પાસે છે. ગામડે બેઠેલા લોકોના કરોડોનો માલ ભરેલા કન્ટેનરો દરિયામાં દેશાવરની ખેપ કરતા આપડે જોયા છે. સરકારી યોજનાઓનો લાભ લઈને વિવિધ પ્રોજેક્ટ પુરા કરીનેય અનેક એનજીઓ આજે દેશભરમાં ગામડે બેસીને જ કરોડોનું ટર્નઓવર કરે છે. વલસાડ અને નવસારી કોરના કેટલાક ખેડૂતો કૃષિપેદાશોની નિકાસ કરીને મહિને લાખો રૂપિયા કમાઈ લે છે. એમ ન કહેવાય કે ગામડે રહીને શું કરવું ? મહારાષ્ટ્રના થાણા જિલ્લાના ગામડાંનો માત્ર વીસ વરસનો એક છોકરો સેકન્ડ હેન્ડ હેલિકોપ્ટરનું વેબ પોર્ટલ ચલાવે છે. જેને જુના હેલિકોપ્ટર વેચવા છે અને જેને લેવા છે એની માર્કેટ આજે એના હાથમાં છે. ગયા વરસે એણે સત્તર કરોડનો નફો કર્યો. આ વરસે એનો ટાર્ગેટ પચીસ કરોડની દલાલી કમાવાનો છે.

સવારમાં ઉઠીને પથારીમાં જ મોબાઈલ હાથમાં લઈ ટિકટિક ચાલુ કરી દેનારા ને પછી ચાની માથે માવો ચડાવી છાપાના પાના ફેરવનારાઓને એ તો ખબર જ નથી હોતી કે જિંદગી કેવા પુરપાટ વેગે ધસમસતી આગળ વધે છે. જિંદગીના બહુ જ મૂલ્યવાન વરસો વેડફી નાંખતા લોકોને ગોતવા જવું પડે એમ નથી. જ્યાં નજર નાંખો ત્યાં એના જોઈએ એટલા નમૂનાઓ મળી રહેશે, જે બતાવે છે કે સમાજનો એક વર્ગ ખરેખર આડે પાટે ચડેલો છે. એની સામે ભલે નાનો પણ એક સમુદાય એવો છે જે સવારે પરિવાર સાથે જ દિનચર્યાની શરૂઆત કરે છે. પતિ-પત્ની બન્ને પૂજામાં સાથે જ બેઠા હોય. પછી સવારનો નાસ્તો સાથે કરે. રોટલી અને ઘી-ગોળ કે બાજરાનો રોટલો અને દહીં. આ વખતે જાફરાબાદ, રાજુલા અને ભેરાઈ પંથકમાં વરસાદ સારો થયો છે એટલે બાબરિયાવાડનો બાજરો જમાવટ કરશે. એની તો મીઠાશ જ કંઈ ઔર હોય છે. એ વર્ગ નાનો છે જે ઘરમાં સંતાનો પોતાના માતાપિતાને સાથે પૂજા કરતા, સાથે ભોજન લેતા અને સંપીને હિસાબ લખતા જુએ છે. આટલાક અમથા સંસ્કાર પણ બાળકોને આપવાના જો બાકી રહી જાય તો એને જિંદગીમાં આર્થિક તડકો લાગવાનો નક્કી છે.

જેઓ શહેરના પૂરા અનુભવ પછી વતનમાં પાછા આવ્યા હોય એમણે વતનના પડતર કામો હાથમાં લેવા જોઈએ. પોતે જે ક્ષેત્રનો અનુભવ ધરાવતા હોય એ અંગે વતનીઓને માર્ગદર્શન આપવું જોઈએ. અને નવેસરથી જિંદગીનો એકડો ઘૂંટવો જોઈએ. કોઈ ઊંચામાં ચાલે ને ફરી પાછા ખોવાઈ જાય અને ફરી જીવન ચક્ર બદલતા ફરી ઊંચામાં મહાલવા લાગે એવા દ્રષ્ટાન્તો સહુની નજરમાં હોય છે. વિખ્યાત કહેવત છે કે જે પોતાનાથી ન હારે એ ફરી ભવિષ્યમાં જીતી બતાવે છે. ક્રિકેટના વર્લ્ડ કપમાં પરાજય પણ ભારત માટે કામનો છે અને એમાંથી જો શીખવું જ હોય તો ઘણું શીખવા જેવું છે. પારોઠના પગલા તો સમ્રાટ સિકંદરે પણ ભરવા પડે. ક્યારેક નાનકડી નિષ્ફળતા એક આખા શ્રીમદ્ ભાગવત જેટલો બોધ પળવારમાં આપી જાય. ■

# ભોળો, ભલો, નિર્દોષ અને સાવ ગભરૂ શો કેયુરના ચિતમાં જાણે વીજળી પડી




વાર્તા વિશ્વ

યોગેશ પંડયા

અમે ભાગીને લગ્ન કરવાના હતા પણ મારા બાપે મારા સપના રોળી નાખ્યા. મારે મારા પ્રેમને તરછોડવો પડયો અને આ પાકટ સાથે લગ્ન કરવા પડયા પણ હવે રસ્તો સાવ સાફ છે..'' સુજાતાએ બાદશાહનો તાગ લેતા કહ્યું : '' તું સમજ્યો ? ''

''મારો પ્રેમી હજી કુંવારો જ છે અને અમારી વચ્ચે...'' વાક્ય અધૂરૂં રાખીને સુજાતાએ તેનો તાગ લેવાનું શરૂ કર્યું : ''તને સમજાય છે ને ? પણ મારા પતિને જાણ નથી. પણ જાણ થશે ત્યારે એ અમને જીવતા દાટી દે એવો ખૂંખાર છે. આતો તે એનું કિડનેપીંગ કર્યું એટલે એ ગોરી ગાય જેવો લાગતો હશે પણ મારો રસ્તો સાફ થઇ ગયો. અત્યારે મારા પ્રેમીને ફોન કરીને મેં કિડનેપીંગની સઘળી બાબત જણાવી દીધી છે. મારી પાસે ૫૦ હજાર છે. ૫૦ હજારની વ્યવસ્થા મારો પ્રેમી કરશે. એક લાખ... પૂરા એક લાખ તને મળે કે તરત તારે મારા પતિને ટપકાવી દેવાનો છે. બોલ, સોદો મંજુર છે ? એડવાન્સમાં પચાસ હજાર તું કહે ત્યાં પહોંચાડી દઉં...'' બાદશાહના મોઢે ગાળ આવી ગઇ અને પછી ખડખડાટ હસી પડયો. સામે ઉભેલા તેના ફોલ્ડરિયા આશ્ચર્યચકિત થઇ તેની સામે તાકી રહ્યા. ફોન કટ કરીને તે અંદર આવ્યો ત્યારે હકો બોલ્યો : ''બોસ, આગળનો શું હુકમ છે ? રાત વીતી ગઇ છે અને તમારે હજી જમવાનું ય બાકી છે.'' બાદશાહે કહ્યું : '' બધો સંકેલો કરો. શિકારને હજી આઘે લઈ જવાનો થશે. અહીંયા એક ખીલી જેટલુંય એંધાણ રહેવું ન જોઈએ કે આપણે શેઠને અહીં ગોંધી રાખ્યો હતો.''

''જી બોસ.'' હકાએ જવાબ તો વાળ્યો પણ મનમાં ઊગેલા પ્રશ્ને પણ વાચા આપી : ''બોસ, પોલીસનું લફરૂં ઊભું થયું છે કે શું ?'' ''લફરૂં છે પણ પોલીસનું નથી પ્યારનું છે.'' સામે બંધાયેલા ચમન સામે જોઇને કહ્યું : ''અને એ લફરાની તને તો ખબર જ નહીં હોય કે તારી પત્ની કોલેજ કરતી વખતે ઈન્દ્રજીત નામના છોકરાનાં ગળાડૂબ પ્રેમમાં હતી. અત્યારે તને છોડાવવાના ત્રણ કરોડને બદલે તને ટપકાવી દેવાની લાખ રૂપિયા સોપારી મને આપે છે બોલ શું કરૂં ? જીવતો છોડું કે પતાવી દઉ ? '' આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયેલા ચમને કહ્યું : ''તમારે જે કરવું હોય એ. બાજી તમારા હાથમાં છે પણ મારી પત્નીએ બીજું શું કહ્યું એ તો કહો...'' આંખો અને ચહેરા ઉપર લાચારી દર્શાવતા ચમનનાં મોઢામાંથી એક ગાળ છૂટી. બાદશાહ હસી પડયો બોલ્યો : ''એ એમ કહેતી હતી કે તને ટીચકાવ્યા પછી પેલા સાથે એ ભાગી જવાની છે. અત્યાર સુધી બસ રસ્તો સાફ થવાની રાહ જોતી હતી.'' બાદશાહ તેની સામું એકધારૂં તાકી રહ્યો પછી બોલ્યો : ''હવે બોલ તારી મરજી..''

''બાજી તમારા હાથમાં છે અને આમ પણ હવે જીવીને કરવાનુંય શું ? વગર મોતે મરવાનું જ છેને ? બાયડીના આવા કાળા કરતૂત સાંભળીને કોઈપણ પુરૂષ કટકે કટકે મરવાનો ને ? હા, એકવાર ઈન્દ્રજિત મારા હાથમાં આવી જાય એટલે એનો તો ટોટો પીસી નાખું અને પછી ?... પછી મારી બાયડીનેય !! એ પણ જીવતી નહીં રહે મારા હાથમાંથી ...'' ચમનના ચહેરા ઉપર ખુન્નસ છવાઇ ગયું. બાદશાહ તેને તાકી રહ્યો અને પછી અટ્ટહાસ્ય કરતો રહ્યો.

----

અડધી કલાક પછી સુજાતાનો સેલફોન ગૂંજયો : '' સોદો મંજૂર છે પણ... સાંભળ...'' બાદશાહ એક એક શબ્દ જોખી જોખીને બોલતો હતો : '' એક લાખ નહીં પણ પૂરા પાંચ લાખ ! એક લાખમાં લાલ હાથ મારે કરવા નથી. કાલ સવારે પોલીસનાં લફરાં થાય તો ફાંસીએ તારે નહીં પણ મારે જ ચડવાનું થાય. મેં તારા પતિને પૂછયું છે કે ઘરમાં કેટલા પડ્યા છે ? તો એણે કહ્યું કે પાંચ લાખ ઘરમાં જ પડયા છે. એટલે તું અમને મૂરખ નહીં માનતી. એમ તો પાંચ લાખનું તો તારી પાસે ઘરેણું ય હશે. એ બધું મળીને... તું સમજી ગઇ ? તું કબાટ સાફ કરીને મને આપીશ તો તારો રસ્તોય સાફ થઈ જશે પણ જો ચાલાકી કરી તો... તારૂં ભોપાળુ તારા પતિ પાસે ખુલ્લું પડી જશે. ફોન રેકોર્ડ થાય છે. એ સમજજે ઈનશોર્ટ આવતી કાલે સવારે ભાવનગર થી વેરાવળ જતી ટ્રેનમાં ચિતલથી બેસવાનું છે. ચિતલથી સાતની આસપાસ ટ્રેન... તને મળશે પણ એ પહેલા... પાંચ લાખ રોકડા અને પાંચ લાખનું ઘરેણું મુકવા માટે તને વહેલી સવારે એક કાળો રેકઝીનનો થેલો મળશે. એ થેલામાં બધુ ભરી ઉપર સફેદ કપડું ઢાંકવાનું છે, યાદ રાખજે કપડું ઢાંકી છેલ્લો અથવા છેલ્લેથી પહેલો ડબો યાદ રાખવાનો છે કારણ કે એમાં જ તારે બેસવાનું છે. તારે લાલ કલરની કોઈપણ ડીઝાઈનવાળી સાડી પહેરવાની છે સાથે તારો બોડીગાર્ડ... આઈ મીન તારા દીકરાને લેવાનો છે. મા દીકરો બન્ને ફરજિયાત છો. તું આ બધી તૈયારી અત્યારે કરવા લાગી જા. પાંચ વાગ્યે અમરેલીમાંથી નીકળીશ તો જ તું છ વાગ્યે ચિતલ રેલ્વે સ્ટેશને પહોંચી શકીશ. ત્યાં તને આ બધી શરતો મંજૂર હોય તો મને ઓ.કે. નો મેસેજ કરજે બાકી તો પછી...''

ફોન કટ થયા પછી સુજાતાએ એક ઘાને બે કટકા જેવી ગાળો બાદશાહને ચોપડી દીધી. ફોન હજી પૂરો કર્યાને મિનિટ નહીં થઈ હોય ત્યાં જ મેસેજ આવ્યો : ''ઓ.કે. ? મારી બધી શરત ઓ.કે. હોય તો જ આગળ વધીએ. બાકી તો !'' તેણે લખવું પડયું : ઓ. કે. ! ''

રાત તો આખી અજંપામાં જ ગઇ. વહેલી સવારે પાંચ વાગ્યે છાપું નાખવા આવતા બાબુએ દરવાજો ખખડાવ્યો. સુજાતાને ધ્રાસ્કો પડયો : ચમન આવી ગયા કે શું ? '' તે હડી કાઢીને દરવાજે ગઈ તો બાબુ છાપાવાળો એક થેલો તેને અંબાવતા બોલ્યો : '' બેન, તમારા દરવાજે આ એક થેલો પડયો હતો. આ તો સારું થયું કે મારી નજર ગઈ નહીંતર તો કંઈક ઠાંગી જાત લ્યો...''

બાદશાહને બબ્બે મણની ગાળો ચોપડતી ચોપડતી એણે થેલો હાથમાં લીધો. બાબુ સ્મિત કરીને સાયકલ લઈને ચાલતો થયો. વચ્ચે વચ્ચે રાગિણીના ફોન આવતા હતા અને સુજાતા વાતો કરી લેતી હતી. હવે બહુ ઝાઝી વાર નહોતી. તેણે કેયુરને જગાડયો : ''મારા પપ્પા હજી નથી આવ્યા ?'' આંખો ચોળતો ચોળતો કેયુર દરેક રૂમમાં ફરી વળ્યો પણ ચમનને કયાં જોયો નહીં.

''તું ઝડપથી તૈયાર જઈ જા. આપણે અડધી કલાકમાં જૂનાગઢ જવાનું છે તારા પપ્પા ત્યાં ફસાઈ ગયા છે. ''

''પપ્પાને શું થયું ? ''

''એક મોટો એક્સિડન્ટ થયો છે. જૂનાગઢ દાખલ કર્યા છે ચલ, ઝડપ કર...''

ભોળો, ભલો, નિર્દોષ અને સાવ ગભરૂ શો કેયુરના ચિતમાં જાણે વીજળી પડી, એક ખળભળાટ થયો. એ દસ મિનિટમાં તૈયાર થઈ ગયો. મા - દીકરો જેમ તેમ કરીને લફડફફડ કરતા પોણા સાતે ચિતલ રેલ્વે સ્ટેશને પહોંચ્યા, ત્યારે હજુ ટ્રેન આવી ન હતી. (ક્રમશ:) ■

સુજાતાએ શોર્ટઆઉટ કરેલો બે પ્રશ્નો તો ''થાતા ભૂવા'' જેવા બદાશાહ પાસે હતા ય નહી એક બે ગાળ બોલીને ફોન એણે કટ કરતા પહેલા અલ્ટીમેટમ આપ્યું : ''બાઈ, એ તારો પ્રશ્ન છે. તારે જેમ કરવું હોય એમ. હું અડધી કલાક પછી ફોન કરૂ છું.'' ફોન કાપી નાખ્યો. સુજાતાએ તિજોરી ખોલી. પૈસા ગણ્યાં પાંચ લાખ જેવા હતા.. ઠીક છે. આગે આગે ગોરખ જાગે..'' તેણે તેની કોલેજ ફ્રેન્ડ રાગિણીને ફોન લગાડયો. રાગિણીએ વાત સાંભળીને સુજાતાને પૂછયું : '' કેયુર શું કરે છે ? '' ''એને મેં સૂવડાવી દીધો છે.'' ઓ.કે.. હું તેને ફોન કરીને વાત કરૂં છું '' રાગિણીએ કહ્યું.

---

અડધી પોણી કલાક વીતી કે ફોન આવ્યો ''પૈસાની વ્યવસ્થા થઇ ગઇ ? '' ''પૈસાની વ્યવસ્થા ?'' સુજાતા હસી : ''પૈસાની વ્યવસ્થા કરવામાં જ છું પણ આપણે જે સોદો કરવાનો છે તેનો હેતુ ફેરવી નાખીએ. પૈસા તો તમને તોય મળી જ જશે. પણ કામગીરી હેતુફેર કરવી પડશે.''

જવાબમાં સુજાતા હસી. બાદશાહ ચમકયો સાલ્લી, આ તો હસે છે ! અત્યારે તો એણે ફોનમાં રડવું જોઈએ. સુજાતાની પ્રતિક્રિયા જોઈને તેને ગુસ્સો જ આવી ગયો : ''સાલ્લી, રડવાના સમયે તું હસે છે ?''

''તો શું કરૂં ? એલા, તે મને હસવાનો અવસર આપ્યો છે તો હસુ નહીં તો રડું ? અરે, આ અવસરની તો હું રાહ જોતી હતી કે મારા કામમાં કોઇ સાથ આપે ! ''

'' કેવો સાથ ? શેનો સાથ ?'' ''એ તને પછી સમજાવું પણ તું પહેલા આ ફોન લઇને જ્યાં હો ત્યાંથી ઠીક છે..'' ''હા ઠીક છે..'' ''બાદશાહ સુજાતાની સૂચનાને અનુસરવા માંડયો. સુજાતાએ કહ્યું : ''ગ્રેટ જોબ કે તે મારા પતિનું કિડનેપીંગ કર્યું એ માટે હાર્ટલી થેન્કસ. હવે મૂળ મુદ્દા ઉપર વાત લાવું તે સાંભળ...'' સુજાતાએ આગળ કહેવા માંડયું : '' હું મારા પતિની બીજી પત્ની છું એ તને ખબર નથી. મારા પતિની પહેલી પત્ની એટલે કે મારી બેન આગમાં ઓલવાઈ ગઈ, એનું વજુદ મારો પતિ જ છે કારણ કે એની આંખ મારી ઉપર હતી. અમે ગરીબ મા - બાપની દીકરીઓ અને અમારો બાપ મારા પતિના બાપની દુકાન હતી ત્યારે ત્યાં મહેતાજી તરીકે નોકરી કરતો હતો પણ ''મહેતાજી'' નામનો જ હતો. પણે વેઠિયો મજૂર હતો. તેણે મારા બાપને એક બિસ્કીટ ચોકલેટની નાનકડી હાટડી કરી દીધી અને મારો બાપ તેના પગ ધોતો થઈ ગયો. વાસ્તવમાં શું બન્યુ એ ખબર નથી પણ મારી મોટી બેન સળગી ગઈ અને બે ચાર મહિના પછી એના બાપે આ શેતાનના કહેવાથી મારા બાપ પાસે મારૂં માગું નાખ્યું અને મારો બાપ ઉપકારના બોજા હેઠળ ના ન પાડી શક્યો. એ ઉંમરે હું તો નછોરવી બાવીસ વર્ષની હતી અને એ પાકટ ત્રીસ વર્ષનો. હું એક છોકરાને પ્રેમ કરતી હતી. કોલેજ પૂરી થાય એટલે

# ''જગતની સ્ત્રી માત્રમાં હું તને જ પ્રેમ કરૂ છું''




''તું ન રડ જ્યોતિ, મારૂં રડવું તો લેખે છે, હું રડું છું તે બરાબર છે, યોગ્ય છે. દોષ અને ખામી તો મારામાં જ છે. આજે પણ હું તને તૃપ્ત ન કરી શકયો. હવે મારે શું કરવું ? મને કંઇ સમજાતું નથી. જો આવું જ થશે તો મને મારો મુન્નો કેમ મળશે ? જ્યોતિ, તારે કૂખે પેદા થયેલ મારે એક મુન્નો તો જોઈશે જ. મારી વાત તું સમજે છે ને ? ચાહે તું ગમે તે રસ્તો અપનાવ, મારે આ અંતરની ઈચ્છાને તારે પૂરી તો કરવી જ પડશે. હું સાવ સાચું કહું છું, તું મને મુન્નો આપશે જ. જો તું મને મુન્નો નહીં આપે તો હું આપઘાત કરતા જરાય અચકાઈશ નહીં હું તને સાવ સાચું કહું છું...! દારૂની જેમ હું ઝેર પણ હસતા મોઢે પી લઈશ... ''

વિજયના આવા શબ્દો, આવા વાક્યો સાંભળી હું ક્ષણેક તો ડઘાઈ ગઈ, ડરી ગઈ. મારા હાથે મારા આંસુ લૂંછી લઈ પછી વિજયના ગાલ પર મેં હાથ ફેરવતાં કહ્યું :

''હવે છાનો રહી જા, તું રડવાનું બંધ કરી દે અને શાંત થા, મેં મનોમન નક્કી કરી લીધું છે અને અડગ નિશ્ચય પણ કર્યો છે. વળી તને હું વચન આપુ છું કે, તારી ઈચ્છા મુજબ હું તને જરૂરથી મુન્નો આપીશ જ. મને ખબર છે કે, તારા શરીરના અંગમાં જે થોડીઘણી ખામી છે એના લીધે તું દુ:ખી દુ:ખી છે, અને તારા એવા દુ:ખથી હું પણ દુ:ખી છું વળી તારી એવી ખામી દૂર કરવા માટે અમદાવાદની દવા પણ ચાલુ તો છે જ. આમેય થોડો સમય રાહ તો જોવી જ પડે. પણ તું ચિંતા ન કર હું હવે તારા માટે કંઈક તો કરીશ જ...''

''તું મારી પત્ની છે...'' વિજયે આંખો બંધ રાખી ફરી બોલવું શરૂ કર્યું : ''ચિંતા તો થાય થાય ને થાય જ. અંત સમયે તારી હાલત, તારી સ્થિતિ હવે મારાથી પણ જોઈ શકાતી નથી, જ્યોતિ ! હવે તો મને મારા પર, મારી જાત પર ખૂબ જ ધિક્કાર થાય છે. થાય છે કે, દિવાલ પર માથું પટકી પટકી જીવ દઈ દઉં પણ તારી હાજરીમાં હું આવું એકપણ પગલું ભરી શકતો નથી. હું શું કરૂં ? ''

''જો વિજય, મારા શરીર સાથેની તારી એકેય રમતથી મને જરાપણ અસંતોષ નથી. તું મને ચોળી નાખે છે, મને દબાવે છે, તું મને ચૂમે છે અને બળપૂર્વક આલિંગન કરે છે એમાં મને પણ ખૂબ જ મજા અને આનંદ આવે છે, ગમે છે, માટે મરવા કે જીવ કાઢી નાખવા જેવા હલકા વિચાર તું શું કામ કરે છે ? આમેય તું મારૂં કેટલું બધુ ધ્યાન રાખે છે...''


''પરંતુ આવું ધ્યાન રાખવાથી તને શું મળે છે ? છેલ્લે છેલ્લે જે સુખનો ઈન્તઝાર તું કરતી હો, તારે ચરમસીમાના અદભૂત સુખની અનુભૂતિ જોઈતી હોય, જેના માટે તું તરફડતી હો, એવું તત્વ કે એવું સુખ તો હું તને આપી જ નથી શકતો. મારૂં અંગ જ જાણે નકામું થઈ ગયું છે એટલે હવે મારૂં કહેવું તું ધ્યાનથી સાંભળ : આવું અદભૂત સુખ કયાંયથી પણ મેળવીને જો તું મને એક મુન્નો આપીશ તો એ મુન્ના વિશે હું તને કયારેય બીજી કોઇ જાતની પૂછપરછ નહીં કરૂં, મારી તો બસ હવે એક જ તમન્ના છે કે, કોઈપણ રીતે તારી કૂખે જન્મેલ બાળક મારે જોઈએ. કેમ ? કયાં ? કંઇ રીતે ? એવી પૃચ્છા હું તને કયારેય નહીં કરૂં. તારી કૂખે અવતરેલ મુન્નાને લીધે આ સમાજમાં હું બધે જ પ્રતિષ્ઠિત થઈ જઈશ. જો આમ નહીં થાય તો પછી મારા માટે છેલ્લો રસ્તો આત્મહત્યા - આપઘાતનો તો છે જ...'' આટલું બોલીને વિજય વળી પોક મૂકીને રડવા જ લાગ્યો.

''એવું બોલાય નહીં, વિચારાય પણ નહીં, જો વિજય..., આજે તે લિમિટ કરતા વધારે પડતો દારૂ પીધો છે, તેની આ અસર હેઠળ નશામાં તું આવું બધુ બોલી રહ્યો છે. નાહકનો તું દુ:ખી શું કામ થઈ રહ્યો છે ? '' મેં ધીમેથી કહ્યું...

''ના જ્યોતિ ના..., મેં વધારે પીધો છે તે સાચું, પરંતુ હું પૂરેપૂરો ભાનમાં જ છું. હું જે બોલું છું તે સત્ય જ બોલું છું. તારે મને કોઈપણ ભોગે... સમજી ગઈને તું ? હવે તારી સામે બધી ચોખવટ મારે કરવાની જરૂર નથી. મારા બોલેલા શબ્દો તું યાદ રાખજે. કોઈપણ ભોગે, કોઈપણ પ્રકારે તારે મને એક મુન્નો તો આપવો જ પડશે. આ બધું હું તને પ્રેમથી કહી રહ્યો છું. કારણ કે હું મારા જીવ કરતા પણ તને વધારે ચાહુ છું અને પ્રેમ કરૂં છું. હું તો તને ગુમાવવા જરાય નથી માંગતો. મેં ઘણીબધી છોકરીઓ જોઈ છે પણ તારા જેવી નહીં. જગતની સ્ત્રી માત્રમાં હું તને જ પ્રેમ કરૂ છું. જો આપણે જીવનભર સંગાથે જીવવું હોય તો દીકરા વગર કેમ જીવવું ? તું મને મુન્નાની ભેટ આપીશ તો ખરીને...?''

''હા વિજય... હા, હું તને ચોક્કસ મુન્નો આપીશ, બસ ! આ તને મારૂં વચન છે પરંતુ એ માટે થોડા સમયની રાહ તો તારે જોવી જ પડશે. સમય આવશે એટલે બધું ઠીક થઈ જશે...''

''ડાર્લિંગ..., તું મારી છે, કેટલી વહાલી વહાલી છે. હવે તો બસ... તારો પ્રેમ જ મને જીવતો રાખશે. મને લાગે છે કે, તું ખૂબ જ સમજદાર છે. સારૂં એવું ભણેલી - ગણેલી છે ને વળી મારી પત્ની છે. ચાલ હવે છેલ્લે છેલ્લે તારી સાથે એક અંગત દાવ વધારે ખેલી લઉં...બરાબર એમ બોલતાંની સાથે જ તેણે મને તેની બથમાં ભીડી દીધી... (ક્રમશ:) ■


ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# અમરેલીમાં એમ્બ્યુલન્સ પહોંચી ન શકતા દર્દીઓની હાલત કફોડી

અમરેલી,તા.૧૭

અમરેલી શહેરમાં ચાલી રહેલા બ્રોડગેજના કામને કારણે હનુમાનપરાની વિદ્યાનગર સોસાયટીના મુખ્ય માર્ગ પર માટીના ઢગલા થવાથી ૬૦ ઘરોના રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. મુખ્ય રસ્તો અને શેરીઓમાં માટી હોવાથી વાહન વ્યવહાર બંધ થયો છે, વૃદ્ધો, બાળકો અને કામ પર જતા લોકો



પરેશાન છે. રસ્તો બંધ હોવાથી ઈમરજન્સી સેવાઓ પણ પહોંચી શકતી નથી, ૧૦૮ એમ્બ્યુલન્સ પણ અંદર આવી શકતી નથી, જેના લીધે દર્દીઓને ઉંચકીને બહાર લાવવા પડે છે. રહીશોએ તંત્રને ઘણી વખત ફરિયાદ કરી હોવા છતાં કોઈ પગલાં લેવાયા નથી. દૂધ, અનાજ અને ટિફિન જેવી રોજિંદી જરૂરિયાતો પણ પ્રભાવિત થઈ રહી છે. લોકો સવાલ કરી રહ્યા છે કે બ્રોડગેજના કામમાં લોકહિતને પ્રાથમિકતા ક્યારે મળશે અને રાહદારીઓ માટે રસ્તો ક્યારે ખુલશે? તેવો સવાલ ઉઠી રહ્યો છે.

# દિલ્હી-એનસીઆરના ઘણા વિસ્તારોમાં તોફાન સાથે ભારે વરસાદ, લોકોને ગરમીથી રાહત

નવીદિલ્હી,તા.૧૭

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને NCRના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. બપોર સુધી તડકો રહ્યા પછી, ત્રણ વાગ્યા પછી જોરદાર વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો. દિલ્હી, નોઈડા અને એનસીઆરના ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ત્યારથી હવામાન ઠંડુ થઈ ગયું છે. શનિવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ નોઈડા અને આસપાસના વિસ્તારોમાં જોરદાર વાવાઝોડું આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન વરસાદ પણ પડ્યો હતો. તે જ સમયે, દિલ્હીના ઘણા વિસ્તારોમાં



કરા પણ પડ્યા હતા. આ પહેલા દિલ્હી-એનસીઆરમાં ભારે ગરમી રહી હતી. દિવસનું તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસને પાર કરી રહ્યું હતું. ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે, 'ઉત્તર-પશ્ચિમ ભારતમાં કેટલાક સ્થળોએ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે.' રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને પંજાબ જેવા રાજ્યોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. આ સાથે તેમણે કહ્યું, 'અમારો અંદાજ છે કે આગામી ૪-૫ દિવસ સુધી રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં ગરમીનું મોજું રહેશે.' ઉત્તર પ્રદેશમાં પણ આગામી ૩-૪ દિવસ સુધી ગરમીનું મોજું ચાલુ રહેશે.

## કેદારનાથમાં એમ્સ ઋષિકેશની હેલી એમ્બ્યુલન્સ સેવાનું હેલિકોપ્ટર ક્રેશ

દહેરાદુન, તા.૧૭

ઉત્તરાખંડના કેદારનાથથી આ સમયે મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં કેદારનાથમાં એમ્સ ઋષિકેશની હેલી એમ્બ્યુલન્સ સેવાનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે હેલિકોપ્ટરના પાછળના ભાગને નુકસાન થયું હતું. આ જ કારણ છે કે આ અકસ્માત થયો હતો. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટું નુકસાન થયું નથી. અકસ્માત સમયે હેલિકોપ્ટરમાં પાંચ મુસાફરો સવાર હતા. હેલિકોપ્ટરમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે. ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ આ ઘટના અંગે માહિતી આપી છે. વાસ્તવમાં, એમ્સ ઋષિકેશ દૂરના સ્થળોએથી આવતા મુસાફરો માટે એર એમ્બ્યુલન્સ સેવા પણ પૂરી પાડે છે. આ હેઠળ સંચાલિત હેલી એમ્બ્યુલન્સ સેવાનું એક હેલિકોપ્ટર ટેકનિકલ ખામીને કારણે કેદારનાથ નજીક ક્રેશ થયું હતું.

# કાશ્મીરમાં આતંકવાદીઓના સહાયકો સામે સુરક્ષાદળોની મોટી કાર્યવાહી

શ્રીનગર,તા.૧૭

કાશ્મીરમાં આતંકવાદીઓના સહાયકો સામે સુરક્ષા દળોએ મોટી કાર્યવાહી કરી છે. રાજ્ય તપાસ એજન્સીએ શનિવારે મધ્ય અને ઉત્તર કાશ્મીરમાં લગભગ ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ દરોડા એક સ્લીપર સેલ મોડ્યુલની ચાલી રહેલી તપાસના ભાગ રૂપે પાડવામાં આવ્યા હતા, જેમાં આતંકવાદીઓના સહયોગીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. એસઆઈએએ દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, આ દરોડા કાશ્મીરમાં આતંકવાદ અને અલગતાવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા તત્વો સામે કરવામાં આવી રહ્યા છે. દરોડા દરમિયાન વાંધાજનક સામગ્રી જપ્ત કરવામાં આવી હતી અને અનેક શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ શંકાસ્પદો



આતંકવાદી કાવતરામાં સક્રિય રીતે સામેલ હતા અને ભારત વિરોધી વાતો ફેલાવવામાં સામેલ હતા. એસઆઈએએ કહ્યું કે કાશ્મીરમાં અસંતોષ અને સાંપ્રદાયિક નફરત ફેલાવવાના પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. એજન્સીએ પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું કે રાજ્ય સરકાર કાશ્મીરની રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે પ્રતિબદ્ધ છે અને કોઈપણ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## બિહાર સરકાર ઓપરેશન સિંદૂરમાં શહીદ થયેલા જવાનોના પરિવારોને ૫૦ લાખની સહાય આપશે


પટણા,તા.૧૭

મુખ્યમંત્રી નીતિશ કુમારની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રી પરિષદની બેઠકમાં કુલ ૬૯ એજન્ડાને મંજૂરી આપવામાં આવી હતી. કેબિનેટ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. એસ. સિદ્ધાર્થે બેઠકના નિર્ણયો વિશે વિગતવાર માહિતી આપી છે. તેમણે કહ્યું કે હવે બિહાર રાજ્ય જીવિકા નિધિ ક્રેડિટ કોઓપરેટિવ યુનિયન લિમિટેડની રચના કરવામાં આવશે અને તે બિહાર કોઓપરેટિવ સોસાયટી એક્ટ, ૧૯૩૫ હેઠળ નોંધાયેલ હશે. આ સાથે, જીવિકા પાસે હવે પોતાની બેંક હશે. તેની મદદથી, જીવિકા સાથે સંકળાયેલ દીદીઓ સરળતાથી લોન લઈ શકે છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં લગભગ ૧૧ લાખ આજીવિકા જૂથોની રચના કરવામાં આવી છે, જેમાં ૫૦ લાખથી વધુ મહિલાઓ સંકળાયેલી છે. અધિક મુખ્ય સચિવે જણાવ્યું હતું કે તત્કાલીન નાયબ મુખ્યમંત્રી અને સાંસદ સુશીલ કુમાર મોદીની જન્મજયંતી દર વર્ષે ૫ જાન્યુઆરીએ રાજ્ય સમારોહ તરીકે ઉજવવામાં આવશે. મંત્રી પરિષદે તેને મંજૂરી આપી દીધી છે.

## પાકિસ્તાન ઝુક્યું : ભારત સાથે શાંતિપૂર્ણ વાતચીત કરવા માટે શાહબાઝ શરીફ તૈયાર

ઈસ્લામાબાદ,તા.૧૭

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલમાં યુદ્ધવિરામ છે. દરમિયાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે શુક્રવારે રાત્રે કહ્યું હતું કે પાકિસ્તાન અને ભારતે શાંતિપૂર્ણ પડોશીઓની જેમ વાટાઘાટોના ટેબલ પર બેસવું જોઈએ અને કાશ્મીર સહિત અન્ય પડતર મુદ્દાઓનું નિરાકરણ લાવવું જોઈએ. તમને જણાવી દઈએ કે



તાજેતરમાં પાકિસ્તાને તેની સેનાના માનમાં યુમ-એ-તશક્કુર એટલે કે થેંક્સગિવીંગ ડે ઉજવ્યો હતો. આ દરમિયાન સંબોધન કરતા શાહબાઝ શરીફે કહ્યું કે ભારત અને પાકિસ્તાને ત્રણ યુદ્ધો લડ્યા છે પરંતુ તેમને કંઈ મળ્યું નથી. શાહબાઝ શરીફે આ દરમિયાન કહ્યું કે બંને દેશોએ પડોશીઓની જેમ વાટાઘાટોના ટેબલ પર બેસવું જોઈએ અને કાશ્મીર સહિત અન્ય વિવાદિત મુદ્દાઓનું નિરાકરણ લાવવું જોઈએ. તેમણે કહ્યું, 'આ મુદ્દાઓને ઉકેલ્યા વિના આપણે દુનિયાના આ ભાગમાં શાંતિ લાવી શકતા નથી.

## માઈક્રોસોફ્ટનો દાવો : હમાસને મારવા માટે ઈઝરાયલે યુદ્ધમાં એઆઈની મદદ લીધી હતી


વોશિંગ્ટન,તા.૧૭

ટેકનોલોજી જાયન્ટ માઈક્રોસોફ્ટે સ્વીકાર્યું છે કે તેણે ગાઝા યુદ્ધ દરમિયાન ઈઝરાયલી સૈન્યને કૃત્રિમ બુદ્ધિ (એઆઈ) અને ક્લાઉડ કમ્પ્યુટિંગ સેવાઓ પૂરી પાડી હતી. આ સેવાઓનો ઉપયોગ ઈઝરાયેલી બંધકોને શોધવા અને બચાવવાના પ્રયાસોમાં કરવામાં આવ્યો હતો. જોકે, કંપની કહે છે કે તેને એવા કોઈ પુરાવા મળ્યા નથી કે તેના એઝ્યુર પ્લેટફોર્મ અને AI ટેકનોલોજીનો ઉપયોગ ગાઝામાં લોકોને નિશાન બનાવવા અથવા નુકસાન પહોંચાડવા માટે કરવામાં આવ્યો હોય. આ કબૂલાત માઈક્રોસોફ્ટની કોર્પોરેટ વેબસાઈટ પર એક સહી વગરની બ્લોગ પોસ્ટ દ્વારા કરવામાં આવી હતી, જે યુદ્ધમાં કંપનીની સંડોવણીની પહેલી જાહેર પુષ્ટિ માનવામાં આવે છે. આ યુદ્ધ ૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ હમાસે ઈઝરાયલ પર હુમલો કરીને લગભગ ૧,૨૦૦ લોકોની હત્યા કર્યા પછી શરૂ થયું હતું.

## ઈન્ડોનેશિયામાં સુરક્ષા દળો અને બળવાખોરો વચ્ચે હિંસક અથડામણમાં બે પોલીસકર્મીઓ સહિત ૨૦ના મોત

જયપુરા,તા.૧૭

ઈન્ડોનેશિયાના અશાંત પાપુઆ ક્ષેત્રમાં સુરક્ષા દળો અને બળવાખોર લડવૈયાઓ વચ્ચે થયેલી અથડામણમાં ઓછામાં ઓછા ૧૮ બળવાખોરો અને બે પોલીસ અધિકારીઓ માર્યા ગયા છે. અધિકારીઓ અને બળવાખોર છાવણીએ શુક્રવારે આ માહિતી આપી હતી. લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ ઈવાન



ડ્વી પ્રિહાર્ટોનોએ જણાવ્યું હતું કે બુધવારે જ્યારે ડઝનબંધ બળવાખોરોએ હિંસાગ્રસ્ત ઈન્તાન જયાના ગામડાઓમાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાની તૈયારી કરી રહેલા સુરક્ષા દળો પર હુમલો કર્યો ત્યારે લડાઈ શરૂ થઈ હતી.

# ઉનામાં બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો : ભડિયાદરના યુવકે ચોરીની કબૂલાત કરી

ઉના, તા.૧૭

ઉના પોલીસે ઈ-એફઆઈઆરને એફઆઈઆરમાં કન્વર્ટ કરીને બાઈક ચોરીના કેસમાં સફળતા મેળવી હતી. પીઆઈ એન. એમ. રાણાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ આર.પી. જાદવ અને એએસઆઈ શાંતિભાઈ રાઠોડની ટીમને પેટ્રોલિંગ



દરમિયાન બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે ગીરગઢડા રોડ પાસે આવેલા બાયપાસ રોડના પુલ નીચેથી એક શંકાસ્પદ વ્યક્તિને બાઈક સાથે ઝડપી લીધો હતો. આ વ્યક્તિની ઓળખ ભડિયાદર, તાલુકો ઉનાના રહેવાસી અલ્પેશ ભરતભાઈ ડાંગોદરા તરીકે થઈ હતી. પોલીસે બાઈકના કાગળો માંગતા આરોપી પાસે કોઈ દસ્તાવેજ ન હતા. આકરી પૂછપરછમાં તેણે બાઈક ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે જીજે ૩૨ એમ ૭૨૦૦ નંબરનું રૂપિયા ૨૦,૦૦૦ની કિંમતનું બાઈક કબજે કરી આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

# દિલ્હીમાં આમ આદમી પાર્ટીને મોટો ફટકો: આપના ૧૩ કાઉન્સિલરોએ રાજીનામા આપ્યા

નવીદિલ્હી,તા.૧૭

દિલ્હીમાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના ૧૩ કાઉન્સિલરોએ રાજીનામું આપી દીધું છે. બળવાખોર કાઉન્સિલરોએ નવી પાર્ટી બનાવવાની જાહેરાત કરી છે. બળવાખોર નેતાઓએ MCDમાં એક અલગ જૂથ બનાવ્યું છે. આ મ્યુનિસિપલ કાઉન્સિલરોએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપીને ઈન્દ્રપ્રસ્થ વિકાસ પાર્ટી બનાવવાનો નિર્ણય લીધો છે. હેમચંદ્ર ગોયલના નેતૃત્વમાં ત્રીજો મોરચો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુકેશ ગોયલ પાર્ટીના પ્રમુખ રહેશે. બળવાખોર કાઉન્સિલરોએ આમ આદમી પાર્ટી પર જનતાને આપેલા વચનો પૂરા ન કરવાનો આરોપ લગાવ્યો છે. ૨૦૨૨ માં, તેઓ આમ આદમી પાર્ટીની ટિકિટ પર MCD માં કાઉન્સિલર તરીકે ચૂંટાયા. પરંતુ એમસીડીમાં સત્તામાં આવવા છતાં, આમ આદમી પાર્ટીનું ટોચનું નેતૃત્વ એમસીડીને સરળતાથી ચલાવી શક્યું નહીં. આમ આદમી પાર્ટીમાંથી જે કાઉન્સિલરોએ રાજીનામું આપ્યું છે તેમાં હેમાનચંદ ગોયલ, દિનેશ ભારદ્વાજ, હિમાની જૈન, ઉષા શર્મા, સાહિબ કુમાર, રાખી કુમાર, અશોક પાંડે, રાજેશ કુમાર, અનિલ રાણા, દેવેન્દ્ર કુમારનો સમાવેશ થાય છે. આપમાંથી રાજીનામું આપવા અંગે હિમાની જૈને કહ્યું, ×અમે એક નવી પાર્ટી, ઈન્દ્રપ્રસ્થ વિકાસ પાર્ટી બનાવી છે. અમે AAPમાંથી રાજીનામું આપી દીધું છે.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૫/૨૦૨૫ તા.૦૧/૦૪/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. ઉનાગર છગનભાઈ હામાભાઈ
રહે. વણોટ તા. સાવરકુંડલા જી. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી વણોટ તા.સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી નિશા છગનભાઈ ઉનાગરનો જન્મ તા.૦૭/૦૧/૨૦૦૫ ના રોજ મુ.વણોટ તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


**દીવથી પરત ફરતી વખતે અકસ્માત, રાજકોટ સિવિલમાં સારવાર દરમિયાન યુવાને દમ તોડ્યો**

# બાઈક અકસ્માતમાં ઉનાના માછીમાર યુવાનનું મોત : બે બાળકીઓએ પિતાની છત્રછાયા ગુમાવી

ઉના, તા.૧૭

ઉના નજીક થયેલા એક ગમખ્વાર બાઈક અકસ્માતમાં ૩૨ વર્ષીય માછીમાર યુવાન પિયુષ અજાણભાઈ વાળા (રહે. તડ ગામ)નું કરુણ મોત નીપજ્યું છે. આ દુર્ઘટનામાં બે નાની દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવતા માછીમાર પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મળતી વિગત મુજબ, પિયુષ ગઈકાલે રાત્રે ૮ વાગ્યાની આસપાસ દીવ ખાતે ટંડેલ પાસેથી હિસાબના પૈસા લઈ પોતાના બાઈક પર પરત ઘર તરફ આવી રહ્યો હતો. તડ ચેકપોસ્ટ પાસે પહોંચતા જ તેનું બાઈક અન્ય એક બાઈક સાથે ધડાકાભેર અથડાયું હતું. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા પિયુષને તાત્કાલિક ઉનાની મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે વહેલી સવારે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેણે અંતિમ શ્વાસ લીધા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ, પિયુષ તેના માતા-પિતાનું એકમાત્ર સંતાન હતો અને તેઓ હયાત નથી. માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલો પિયુષ પોતાના પરિવારનો આધારસ્તંભ હતો. તેના અણધાર્યા અવસાનથી બે નાની દીકરીઓએ નાની ઉંમરે જ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સમગ્ર માછીમાર સમાજમાં ગમગીની છવાઈ છે. આ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## અમરેલીમાં તાપમાનનો પારો ઉંચકાયો

અમરેલી,તા.૧૭


અમરેલી જિલ્લામાં સતત પડી રહેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાન થયુ છે. જો કે હજુ પણ વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે શનિવારે અમરેલી જિલ્લામાં ગરમીથી લોકો ત્રસ્ત બન્યા હતા. બપોરના સમયે ભારે ગરમીને કારણે લોકોને ભારે બફારાનો સામનો કરી પડ્યો હતો. સાંજના સમયે પણ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યુ હતું. જો કે મેઘરાજાએ શનિવારે વિરામ લેતા ખેડૂતોને આંશિક રાહત થઈ હતી પરંતુ તાપમાનનો પારો ઉંચકાયો હતો.


**CHANGE OF NAME**

I Undersign I KOTECHA AMITBHAI ANANTRAI have changed my Daughter name from KOTECHA SHRUSHTI AMIT To KOTECHA SRUSHTI AMITBHAI (New) Now SHE will be known as KOTECHA SRUSHTI AMITBHAI (new)
Sign : KOTECHA AMITBHAI ANANTRAI
Address : 17-A, SHIVPARK SOCIETY,
B/H NUTAN SCHOOL, CHITAL ROAD, AT-AMRELI-365601

# રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી મધ્યમ વરસાદની આગાહી કરતું હવામાન વિભાગ

અમદાવાદ,તા.૧૭



હવામાન વિભાગે વરસાદની નવી આગાહી કરી છે. આગામી સાત દિવસ વરસાદની ભરપૂર શક્યતા રહેલી છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. ઉત્તર-પૂર્વ અરબ સાગરમાં સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થઈ છે. અંદામાન નિકોબાર, દક્ષિણ પશ્ચિમ બંગાળમાં ચોમાસું બેસી ગયું છે. આ વખતે ગુજરાતમાં ૧૫ દિવસ વહેલું ચોમાસું બેસશે. નવસારી, વલસાડ, દમણમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. દાદરા નગર હવેલી અને ડાંગમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વર્ષે ગુજરાતમાં ચોમાસું વહેલું આવી શકે છે, ભારતીય હવામાન વિભાગે રાજ્યના કેટલાક ભાગોમાં ૧૫ જૂન પહેલાં તેની શરૂઆત થવાની આગાહી કરી છે. જ્યારે ઘણા વિસ્તારોમાં પહેલાથી જ ચોમાસા પહેલાના વરસાદનો અનુભવ થઈ ચૂક્યો છે, ત્યારે ગઈકાલે હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું કે, આ સાયક્લોનિક પેટર્ન ૨૩ મે સુધી ચાલુ રહેવાની સંભાવના છે.

# દાહોદ મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના પુત્ર અને તત્કાલીન ટીડીઓની ધરપકડ

દાહોદ,તા.૧૭



દાહોદમાં દેવગઢ બારિયા અને ધાનપુર તાલુકામાં થયેલ મનરેગા યોજનામાં મસમોટા કૌભાંડમાં ૫ કર્મીઓની પણ ધરપકડ થઈ છે, તેમજ રાજ્યનાં મંત્રી બચુ ખાબડના પુત્ર બળવંત ખાબડની ધરપકડ કરાઈ છે, તત્કાલીન ટીડીઓ દર્શન પટેલની પણ ધરપકડ કરવામાં આવી છે. પોલીસ કિરણ પટેલની શોધખોળ કરી રહી છે. ધાનપુર અને દેવગઢ બારીયામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી દ્વારા મનરેગા યોજના અંતર્ગત થયેલી કામગીરીમાં ભ્રષ્ટાચારની ફરિયાદ દાખલ થઈ છે. જવાબદાર એજન્સી અને કર્મચારીઓ વિરૂદ્ધ ૨૦૨૧-૨૪ દરમિયાન થયેલા રૂપિયા ૭૧ કરોડના કામોની તપાસમાં આરોપો મૂકાતા કાયદાકીય કાર્યવાહી કરવાની પણ ફરિયાદ દાખલ થઈ હતી. જેમાં ૨ એકાઉન્ટન્ટ સહિત ૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ કૌભાંડમાં કિરણ અને બળવંત ખાબડે આગોતરા જામીન અરજી પણ કરી હતી.

# ચાલુ મહિનાના અંત સુધીમાં ગ્રા.પં.ની ચૂંટણી જાહેર થાય તેવી સંભાવના

ગાંધીનગર,તા.૧૭



ગુજરાતમાં ફરી ચૂંટણીના ભણકારા વાગી રહ્યાં છે. છેલ્લા કેટલાય સમયથી ગુજરાતમાં અટકી પડેલી ગ્રામ પંચાયતની ચૂંટણીના ઢોલ ફરી વાગી શકે છે. ૧૫ જૂન પહેલા ચૂંટણી યોજાય તેવું લાગી રહ્યું છે. કારણ કે, રાજ્ય ચૂંટણી પંચે પંચાયતોની ચૂંટણી યોજવા તૈયારી આરંભી દીધી છે.

રાજ્ય ચૂંટણી પંચે તમામ કલેક્ટરને આ મામલે આદેશ પણ આપી દીધા છે. જ્યારે બોર્ડ મુજબના ફોટા સાથેની મતદાર યાદી તૈયાર કરવા માટે આદેશ અપાયા છે. ૧૫ જૂન એટલે કે સરકારી ચોપડે ચોમાસાની શરૂઆત થાય તે પહેલા ગુજરાતમાં અટકી પડેલી લગભગ ૮૪૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ શકે છે, એ મુજબની હાલ પ્રક્રિયા થઈ રહી છે. ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીની તૈયારીઓનો આરંભ થતા જ નવી આશા જાગી છે. કારણ કે, તેનાથી વહીવટદારોના શાસનનો અંત આવશે. આ જ મહિનાના અંતમાં ચૂંટણીની જાહેરાત થાય અને આગામી મહિનામાં ચૂંટણી યોજાય તેવુ લાગી રહ્યું છે.

# સાયબર ક્રાઈમના ૧૨ કેસ ઉકેલતી ગુજરાત પોલીસ

ગાંધીનગર,તા.૧૭

છેલ્લા ૧૫ દિવસમાં રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાની સાયબર ક્રાઈમ ટીમો તથા સ્ટેટ સાયબર ક્રાઈમ સેલે ૧૨ મહત્વના કેસો ઉકેલીને ચાઈનીઝ સાયબર ક્રાઈમ ગેંગના સાગરીતો અને ડિજિટલ એરેસ્ટ જેવા ગુનાઓ આચરનારા ભેજાબાજોને ઝડપી પાડ્યા છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ સફળતા બદલ ગુજરાત પોલીસની તમામ ટીમો અને તેમને માર્ગદર્શન આપનાર અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીનગરમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત

ગાંધીનગર,તા.૧૭



કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ શનિવારે ગાંધીનગરની મુલાકાતે આવ્યાં છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહાનગરપાલિકા અને ગુડા દ્વારા હાથ ધરાયેલા ૭૦૭ કરોડ રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું છે. મહાનગરપાલિકા હસ્તકના કુલ ૭૮ પ્રોજેક્ટનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું છે. આમાં ૫૭૫.૪૩ કરોડ રૂપિયાના ૪૫ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત સામેલ છે. ઉત્તર વિધાનસભા વિસ્તારમાં ૧૬૮ કરોડના ૧૫ પ્રોજેક્ટ, દક્ષિણ વિસ્તારમાં ૩૨૧.૫૦ કરોડના ૨૨ પ્રોજેક્ટ અને બંને વિસ્તારને આવરી લેતા ૮૫.૨૬ કરોડના ૮ પ્રોજેક્ટ હાથ ધરાશે. મુખ્ય પ્રોજેક્ટમાં સેક્ટર-૨૨ પંચદેવ મંદિરથી સેક્ટર-૨૧ સુધીનો ૧૬.૪૬ કરોડનો અંડરબ્રિજ અને કોલવડા ખાતે ૧૧.૫૨ કરોડના ખર્ચે નિર્માણ થયેલું તળાવ સામેલ છે.







